श्रीमत्पंन्याससौभाग्यविमलगणि-

गुरुभ्यो नमः

અથ શ્રીગહુંલીસંગ્રહ.

સંગ્રાહક તથા સંશોધક.

શિવલાલ ઝવેરચંદ સંઘવી.

અમદાવાદ.

સંવત ૧૯૭૨. પ્રતિ ૧૦૦૦

કિંમત ૦-૨-૦ પોષ્ટેજ ૦-૦-૬

અથ શ્રીગહુંલી સંગ્રહ.

સંગ્રાહક તથા સંશોધક.

શિવલાલ ઝવેરચંદ સંઘવી.

અમદાવાદ.

પ્રકાશક.

શાહ ફકીરચંદ ઇશ્વરદાસ.

અમદાવાદ.

અમદાવાદમાં.

ત્રણદરવાજા પાસે ચુડીઓળમાં નંબર ૨૭૪૩ ના મકાનમાં

આવેલા ધી "રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસ "માં

શાહ અમૃતલાલ જેશિંગભાઇએ છાપ્યું.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

વીર સંવત ૨૪૪૨. વિક્રમ સંવત ૧૯૭૨.

કિંમત પઠન, પાઠન અને મનન.

અર્પણ પત્રિકા.

પરમપૂજ્ય ગુરૂભક્ત સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમન્મુનિરાજ
લાભવિમલજી મહારાજના પવિત્ર પાદારવિન્દમા—

શુભસ્થળ—**અમદાવાદ.**

આપશ્રીએ પ્રથમ લોંકાગચ્છ (સ્થાનકવાસી) ની અંદર ચારિત્ર
ગ્રહણ કરી ઘણા વખત સુધી તેની અંદર ચારિત્ર પાળી
શુદ્ધતત્ત્વનું જ્ઞાન થતા. તે કદાગ્રહને છોડી દઈ આપે
જિનેશ્વર પ્રરૂપિત શુદ્ધમાર્ગને વિષે પ્રવેશ કર્યો અર્થાત્
સંવેગી દીક્ષા ગ્રહણ કરી ગુરૂભક્તિને વિષે પોતાનું
પરોપકારમય જીવન અર્પ્યું અને ગુરૂવર્યની તન-
મનથી સેવા બજાવી આપ આપના આત્માને
શુદ્ધ સ્વરૂપ મય બનાવી આ છળ પ્રપંચથી
ભરેલા અનિત્ય સંસારને જલાંજલી
દઈ સદાને માટે તારેલ છે, ઇત્યાદિ
અનેક ગુણોથી અલંકૃત એવા
આપના કરકમલમાં 'ગહુંલી સંગ્રહ'
સહર્ષ અર્પણ કરૂ છું તે સ્વિકારી
આભારી કરશોજી.

લી૦ હું છું
આપનો સેવક.

શિવલાલ ઝવેરચંદ સંઘવીની સહુઆઠ
વારંસવિનયવંદના અવધારશોજી.

ॐ

પંન્યાસજીશ્રીમત્સૌભાગ્યવિમલગણિગુરૂભ્યો નમઃ

અથ શ્રીગહુંલી સંગ્રહ.

અથ શ્રીશાંતિનાથની ગહુંલી.

રાગ.—સામળીયાજી એદેશી.

હુંતો સરસતીને નમું પહેલીરે, સખી ચાલો ઉઠી સવેલીરે; પ્રભુ શાંતિજિણંદ જુહારૂરે, હત્થિણાપુર વન માજારરે, ગુરૂવંદોરે તુમે વંદીને ભવદુઃખ કંદોરે. ।।ગુરૂ૦ ૧ ।। વનપાલથી સુણી વધાઇરે, ચક્રાયુધ કરી સજાઇરે, મુકુટ વિણુ આપી દાનરે, ચાલ્યો નિજ ધરણી તજી માનરે. ।। ગુરૂ૦ ૨ ।। કંકાવટી કેશર ઘોળીરે, સાથે મળી સહિયરોની ટોળીરે; ચક્રાયુધ ઘરણી આવેરે, ગહુંલી કરી પ્રભુને વધાવેરે. ।। ગુરૂ૦ ૩ ।। ચક્રાયુધને એમ કહેતાંરે, જિનપદથી જિનપદ લેતારે; ત્રીજે ભવ થાનક સા-

યેરે, ભવસમકિતથી ગુણ વાધેરે. ॥ ગુરૂ૦ ૪ ॥ આદિ-
નાથ તેર વખાણુરે, ચંદ્રપ્રભ આઠ પ્રમાણુરે; અચિરા
સુત બાર તે જાણોરે, મુનિસુવ્રતનેમી નવ પ્રમાણોરે.
॥ ગુરૂ૦ ૫ ॥ દશ ભવ પ્રભુ પાસના જાણોરે, સત્તાવીશ
વીરના વખાણોરે; સત્તરજિન ત્રણ ત્રણ લેઇયેરે, ઇમ
આગમ વાણી સદહીયેરે. ॥ ગુરૂ૦ ૬ ॥ એમ સુણીને
સંજમ લેતારે, ત્રિપદી આપી વાસ ઠવેતારે; પ્રભુ દેવ-
છંદે સોહાવેરે, ગણધર વાણી વરસાવેરે. ॥ ગુરૂ૦ ૭ ॥
પ્રભુ ઓલખી પ્રભુને વધાવેરે, ચતુરા અક્ષયપદ પાવેરે;
મણી ઉદ્યોત કાંતિને પાઇરે, દાન દયા ઋદ્ધિ ઘેર આઇ-
રે. ॥ ગુરૂ૦ ૮ ॥ ઇતિ ॥

અથ શ્રીમુનિસુવ્રતસ્વામિની ગહુંલી.

રાગ—વીરજી આયારે સમવસરણકે મંડાણ એ દેશી.

પ્રભુજી આવ્યારે શહેરભરૂઅચકે મેદાન । અશ્વ
પ્રતિબોધ્યોરે જાણે પૂરવકો સયાણ ॥ ટેક૦ ॥ અરિહા
ચાલે સારિ રાત,જોજન સાઠ ગમન વિખ્યાત, ઝલકે ઉ-
ગમતે પ્રભાત, ભૂપતિ હરખ્યોરે સાર્યો અર્થીકો કાજ,
સ્વામિજી વાંધારે બહુ ફોજાંકે સાજ, ભક્તિ રાગેરે જીવ
પાસે શિવરાજ ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ ઉપદેશ આપે ત્રિભુવન

જાણુ, સુણે પરખદા બારે વાણ,મનમાં જાણે કોઇ સુજાણ; નૃપતિ પુછેરે મુનિસુવ્રત જિનરાય, તુંમેપ્રતિ બોધ્યોરે કોઇ જીવ એણે ઠાય, હેવેદીઠોરે એક તુરંગ ધર્મધ્યાય ॥પ્રભુ૦ ॥ ૨ ॥અણસણ લેઇ પ્રભુકે પાય, પહોતો સુરલોકે હીસલાય, તીરથ થાપે મનં ઉમાય, સંઘ સેવેરે દૂર વિદેશથી આય, ભાવના ભાવેરે તજી વિષયકષાય, દુષમ કાલેરે એ મહિમા ગવરાય ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ નાટક નાચે નવ નવરંગ, કરે અશુભ કર્મનો ભંગ, સાચો સમકિત ગુણનો રંગ, સૂત્રે દીશેરે સૂર્યાભસુરનો અધિકાર, પૂજા કીધીરે સત્તરભેદ સુખકાર, શંકા ટાળેરે ભવિક જીવ નિરધાર ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ પદ્માવતીનંદન મહાભાગ્ય, દાખે શિવગતિપુરીનો માર્ગ, જગમાં કહેવાયે વીતરાગ, આછે સાચોરે જિનસાસન સુલતાન, માંગ્યા દીજેરે મનવંછિત પ્રભુ દાન, વાંછા કીજેરે વિબુધવિમલ શુભ ધ્યાન ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ ઇતિ૦ ॥

અથ શ્રી નેમિનાથસ્વામિની ગહુંલી.

રાગ—લાડિ હું કિમ આવું એકલો ॥ એ દેશી. ॥

જીરે દ્વારિકાનયરી સમોસર્યા, જીરે જગબંધુ જગ

ભ્રાત; જીરે જગ ઉપગારી જગ ગુરૂ, જીરે બાવીસમા જગ ત્રાત । જીરે દેશના સુણી રઢ લાગશે ॥ ૧ ॥ એ આં૦॥ જીરે હરી વાંદી હરખે કરી, જીરે બેઠા યથોચિત ઠાણ; જીરે અમૃતસમ જિનદેશના, જીરે સાંભળે ભવિ દેઇ કાંન ॥ જીરે દેશના૦ ॥ ૨ ॥ જીરે ચરમશરીરિ રૂખમણિ, જીરે વ્રત ભૂષણ ધરી અંગ, જીરે તપસુઘાટ સોહામણો, જીરે ચૂંદડી શિયલ સુરંગ ॥ જી૦ ॥ ૩ ॥ જીરે થાલ વિશાલ મનસુભગતા, જીરે જિનગુણ કુંકુમ ઘોલ; જીરે આગમતત્ત્વ સુવાસના, જીરે અનુભવ રસ રંગ રોલ ॥ જી૦ ॥૪॥ જીરે આતમ પીઠને ઉપરે, જીરે સમકિત સાથિઓ સાર; જીરે રૂચિમુક્તાફલ પૂરતી, જીરે ચૂરતી કરમ અપાર ॥ જી૦ ૫ ॥ જીરે અશુદ્ધ પરિણતિ આદરી, જીરે જડની સંગે જાય; જીરે ગુણ અવરાણાં તેહથી, જીરે કરવો તાસ ઉપાય ॥ જી૦ ॥૬॥ જીરે એમ ગહુંલી કરતાં થકાં, જીરે મોહ તણો ક્ષય થાય; જીરે પ્રગટે ઋદ્ધિ સ્વભાવની, જીરે ચિન્મય ચેતન રાય ॥ જી૦ ॥૭॥ જીરે વસ્તુ ધર્મની દેશના, જીરે સુણિ પામે પ્રમોદ; જીરે માણીવિમલ સુશિષ્યને, સખી થાશે આતમબોધ, જીરે દેશના સુણી રઢ લાગશે. ॥૮॥

અથ શ્રીમહાવીરસ્વામિને દીક્ષા લેવા વખતની ગહુંલી.

રાગ—કુંકણ દેશની ઘોડીરે એ દેશી.

પ્રભુ મહારો ભોગ કરમ ક્ષીણ જાણીરે, પ્રભુ મહારો પરણ્યો સંજમ રાણીરે, પ્રભુ મહારો ત્રીશ વરસ ઘર વાસેરે, પ્રભુ મહારો સંજમ લેવા ઉલ્લાસેરે, પ્રભુ તુમે વિહાર હૈયામાં ધાર્યોરે, પ્રભુ અમને ગમશે નહી નિરધારરે. ॥ ૧ ॥ પ્રભુ તું તો જ્ઞાનાદિક ગુણ દરિયોરે, પ્રભુ હું તો નિરાશ્રય રહ્યો પડીયોરે, પ્રભુ મહારા માતપિતાનો નહિ જોગરે, પ્રભુ મહારા બંધવનો ન કરો વિજોગરે ॥ ૨ ॥ પ્રભુ મહારા તુમ વિના ઘર સુના મેડીરે, પ્રભુ મહારા ન ગમે મહોલને મેડીરે, પ્રભુ મહારા તુમ આણ વહેતો ઉલ્લાસેરે, પ્રભુ મહારા બંધવ વિના થયો જગ હાસરે ॥ ૩ ॥ પ્રભુ મહારો ચોસઠ ઇંદ્રે પરિવરીયોરે, પ્રભુ મહારો સિદ્ધાર્થવન સંચરિયોરે, પ્રભુ મહારો વ્રત ઉચ્ચરી ઇમ ભાખેરે, બંધવ મહારા કરશું વિહાર ઉલ્લાસેરે ॥ ૪ ॥ પ્રભુ મહારો ઇમ કહી ચાલ્યો તેણીવારરે,

પ્રભુ મ્હારા નયણે આંસુની ધારરે, પ્રભુ મ્હારા નિજ નયરી કેમ જાશુ રે, પ્રભુ મ્હારા મુજ મન થયું ઉદાસરે ॥ ૫ ॥ પ્રભુ તુંતો નિરાગી નિશ્ચિંતરે । પ્રભુ મ્હારા દરિસણથી કરજ્યો પવિત્રરે ॥ પ્રભુ તુંતો કરૂણારસનો કુંપોરે, પ્રભુ મને એકલડો કેમ મૂકોરે ॥ ૬ ॥ પ્રભુ મ્હારો મણીઉદ્યોતપેરે દીપેરે, પ્રભુ મ્હારો અસંખ્ય સૂરજ તેજજીપેરે, પ્રભુ મ્હારા વરસીદાને જશ લીધોરે, પ્રભુ મ્હારા દયા પાલી કારજ સીધોરે ॥ ૭ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીમહાવીરસ્વામિની ગહુંલી.

રાગ—જીરેજી સ્વામી સમોસર્યા એ દેશી.

એક દિન વીરજિનેશ્વરૂ રાજગૃહી ઉદ્યાનરે, બહુ પરિવારે સમોસર્યા મોહન મોટે મંડાણરે ॥ ૧ ॥ શ્રી વીરજિનેશ્વર વંદીએ ॥ એ આંકણી ॥ ઉદ્યાનપાલ ઉતાવલો, આવે શ્રેણિક પાસરે, વધામણી જિનવર તણી, લાવે મનને ઉલ્લાસ રે ॥ શ્રી૦ ॥ ૨ ॥ નામ ગોત્ર કુલ જેહના, સુણતા બહુ ફલ થાય રે, તે જિનરાજ પધારીયા, પાવન કર્યું વનકાયરે.॥શ્રી૦ ૩॥ શ્રેણિક નરપતિ સાંભલી, હરખ્યું મન તતકાલરે, ધન અલંકાર આપીને

સંતોષ્યો વનપાલરે ॥ શ્રી૦ ॥ ૪ ॥ સન્મુખ વાંદવા નીકલ્યા, સાથે બહુ પરિવાર રે, અંતેઉર બહુ પરિવર્યો, સુનંદા ચેલણા સારરે ॥ શ્રી૦ ॥ ૫ ॥ અરિહા અર્થ પ્રકાશતા, સુણીયો રસ નિરધારરે, ભવિક જીવ સંશય હરી, ઉતારે ભવપાર રે ॥ શ્રી૦ ॥ ૬ ॥ રમઝમ કરતી સુંદરી, ચતુરા ચમકતી ચાલે રે, ગહુંલી કરે જિનઆગળે, ભરી કુંકુમનો થાલ રે ॥ શ્રી૦ ॥ ૭ ॥ મુક્તાફલનો સાથિઓ, પૂરે પદ્મિની નારીરે, સોવનફૂલ વધાવતી, સફલ ગણે અવતારરે ॥ શ્રી૦ ॥ ૮ ॥ દેવછંદ પ્રભૂ પધારિયા ત્રિભુવન તિલક સમાનરે, ગોયમ ગણધરપદઠવી, સૂત્ર તણું દીએ દાનરે. ॥ શ્રી૦ ॥ ૯ ॥ બાર પરખદા હરખતી, સુણી ગણધર વાણરે, સમકિત શ્રાવિકા સંજમી, વ્રત ધરે ગુણખાણરે ॥ શ્રી૦ ॥ ૧૦ ॥ શાસન વીર જિનેંદ્રનું, દુપ્પસહ લગે જયકારરે, લહી વિબુધ જિન પામશે, માન પૂજા ઉદારરે ॥શ્રી૦ ॥૧૧॥ ઇતિ૦॥

અથ શ્રીમહાવીરસ્વામિની ગહુંલી.

સજની મોરી ગુણશિલવનકે મેદાન રે, સજની મોરી આવ્યા શ્રીવર્દ્ધમાનરે; સજની મોરી જ્ઞાનાદિક

ગુણ હરિયારે, સજની મોરી પતિત પાવનપીહરિયારે ॥ ॥સ૦॥૧॥ એ આંકણી ॥સ૦॥ શ્રેણીક હરખ્યો આવેરે ॥ સ૦ ॥ સમકિત ક્ષાયક ભાવેરે ॥ સ૦ ॥ કંચન વરણી નારીરે ॥ સ૦ ॥ પંચસયા પરિવારીરે ॥ ૨ ॥ ॥ સ૦ ॥ ધર્મદેશના જિન ભાખેરે ॥ સ૦ ॥ નવપદ મહિમા દાખેરે ॥ સ૦ ॥ નવપદ આતમ જાણોરે ॥ સ૦ ॥ આતમ નવપદ વખાણોરે ॥ ૩ ॥ સ૦ ॥ નવ-તત્ત્વ ભૂષણ સારરે ॥ સ૦ ॥ રત્ન રકેબી ઉદારરે ॥ ॥ સ૦ ॥ આભરણ મન બહુ મૂલરે ॥ સ૦ ॥ પહેરી વસન અનુકૂલરે ॥ ૪ ॥ સ૦ ॥ કિરિયા કંકાવટી હાથરે ॥ સ૦ ॥ મન નિર્મલ તે પાથરે ॥ સ૦ ॥ જિનગુણ કુંકુમ ઘોળીરે ॥ સ૦ ॥ મલી સહિયરની ટોલીરે ॥ ૫ ॥ સ૦ ॥ આણા તિલક ધરાવેરે ॥ સ૦ ॥ ચેલણા ગહુંલી બનાવેરે ॥ સ૦ ॥ એણિપેરે ગહુંલી કીજેરે ॥ સ૦ ॥ નરભવ લાહો લીજેરે ॥ ૬ ॥ સ૦ ॥ વિષય તે વિષ સમ જાણોરે ॥ સ૦ ॥ બોલે ત્રણભુવ-નનો રાણોરે ॥ સ૦ ॥ શિવપુર સાસરે ચાલોરે ॥ સ૦॥ ચઉભવ માંહે મ્હાલોરે ॥ ૭ ॥ સ૦ ॥ મણિ ઉદ્યોત ગુરૂ મલિયારે ॥ સ૦ ॥ આજ મનોરથ ફલિયારે ॥ સ૦ ॥શું

કહિયે વારો વારરે ॥સ૦॥શંકા કરો પરિહારરો૮॥ઇતિ॥

અથ શ્રીમહાવીરસ્વામિની ગહુંલી.

રાગ—ગોરમાની દેશી.

બેની ચંપાનયરી ઉદ્યાન કે જિનવર આવીયારે લોલ, બેની સુરનર સારે સેવ ભવિકમન ભાવિયારે લોલ, બેની ચઉદસહસ્સ અણગાર કે સાથે ગણધરૂરે લોલ, બેની અનુત્તરસુરથી અનંતુરૂપ મનોહરૂરે લોલ ॥ ૧ ॥ બેની કોણિકરાય સુજાણકે દીએ વધામણીરે લોલ, બેની આવે વંદન કાજ કે સાથે ઋદ્ધિ ઘણીરે લોલ, બેની દેઇ પ્રદક્ષિણા ત્રણ કે વદે જગ ધણીરે લોલ, બેની જિન વાણી સુણવાને ઉત્કંઠા ઘણીરે લોલ ॥ ૨ ॥ બેની દીએ દેશના મનોહાર કે ભવિજન તારવારે લોલ, બેની જન્મમરણ જંજાલ કે ભવદુઃખ વારવારે લોલ, બેની વાણી ગુણ પાંત્રીસ કે વરસેજલધરૂરે લોલ ॥ ૩ ॥ બેની કોણિકભૂપની નાર કે જિન આગલ રહીરે લોલ, બેની ગહુંલી કરે મનોહાર કે મન હરખિત થઇરે લોલ, બેની લુંછણા કરે મન રંગ કે લીએ વલી ભામણાંરે લોલ, બેની

લળી લળી નમતી પાયકે કરે વલી ખામણાંરે લોલ ॥ ॥ ૪ ॥ બેની [1]ચિહુંગતિ ચૂરણ સાથીઓ એમ ભાવે કર્યારે લોલ, બેની શ્રીફલ શિવફલ કાજ કે વલી ઉપર ધરેરે લોલ ॥ બેની મણી ઉદ્યોત ગુરૂરાજની સેવા સારી એરે લોલ ॥ બેની પામી મનુષ્ય અવતાર કે શંકા વારીએરે લોલ ॥ ૫ ॥ ઇતિ ॥

અથ શ્રીમહાવીરસ્વામિની ગહુંલી

રાગ—મોહ્યાંમોહ્યાંરે જગતના લોક ગુરૂને બોલડીયે એ દેશી.

અંબસાલ ઉદ્યાનમાં કાંઇ વિચરંતા વીરજિણંદરે, સમવસરણ દેવે રચ્યું કાંઇ બેઠા નયનાનંદ. જિનજીને બોલડીયે, મોહ્યાં મોહ્યાંરે સુરનર લોક ॥ જિ૦ ॥ ૧ ॥ પર્ષદાબાર તિહાં મલી કાંઇ બેઠી નમી શુભ ચિત્તરે, કોડી ગમે સેવા કરે કાંઇ [2]નિર્જરને પુરૂહુંત ॥જિ૦॥૨ ॥ ચઉમુખ ચઉદિશે વીરજી કાંઇ દેવે દેશના સારરે, દાનશિયલતપભાવના કાંઇ શિવપુર મારગ ચાર ॥ જિ૦ ॥ ૩ ॥ ચારનિકાયના દેવતા કાંઇ અણહુંતે

---

૧ મનુષ્ય, દેવતા, નારકી, અને તિર્યંચ એ ચારે ગતિ.

૨. નિર્જર એટલે દેવને પુરૂહૂંત એટલે ઇંદ્ર.

એક કોડીરે, સેવા કરે પ્રભુજી તણી કાંઇ ઉભા બેકર જોડી ॥ જિ૦ ॥ ૪ ॥ વનપાલકે જઇ વિનવ્યો કાંઇ શ્રી કોણિકમહારાયરે, સપરિવારશું આવિયો કાંઇ બેઠો નમી પ્રભુપાય ॥ જિ૦ ॥ ૫ ॥ સમતા સમચી દેશના કાંઇ ભાખે વીર કૃપાલરે, નયગર્ભિત સુણી બોલડા કાંઇ હરખ્યો ચિત્ત ભૂપાલ ॥ જિ૦ ॥ ૬ ॥ મિથ્યામત દૂરે ટલ્યો કાંઇ ઊગ્યો સમકિતસૂરરે, મોહ મહામદ સોહિયો કાંઇ પ્રગટયો આતમનૂર ॥ જિ૦ ॥ ૭ ॥ કોણિક ઘરણી ધારણી કાંઇ ભરી અક્ષત શુચિથાલરે ॥ જિન આગલ સ્વસ્તિક કરે કાંઇ કુંકુમ રંગરસાલ ॥જિ૦॥૮॥ મલીને સૌ ગાવે તિહાં કાંઇ પ્રભુ ગુણ ભક્તિ શ્લોકરે. જ્ઞાનવિમળ વિનોદમાં કાંઇ મગ્ન હુઆ બહુલોક ॥ જિ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

અથ શ્રીઅગ્યારગણધરસ્થાપનાની ગહુંલી

બેની અપાપાનયરી ઉદ્યાનકે વાજાં વાગીયાંરે લોલ, બેની દેવ વાજીંત્ર અનેક કે ગહન ઘન ગાજીયાંરે લોલ ॥ ૧ ॥ બેની સમવસરણ અતિ ચંગ કરે મળી

દેવતારે લોલ, બેની અણહુંતે એક કોડ કે પ્રભુ પાય સેવતારે લોલ ॥૨॥ બેની ઇંદ્રભૂતિ આદે અગ્યાર કે બ્રાહ્મણ દીપતારે લોલ, બેની વેદવેદાંગના જાણ કે વાદી જીપતારે લોલ ॥ ૩ ॥ બેની સંશય છે અતી ગૂઢકે મિથ્યામત પૂરીઆરે લોલ, બેની પુછી શ્રી જીન વીરને સંશય ચૂરીયારે લોલ ॥ ૪ ॥ બેની અરિહા અમૃત વયણ સુણી ભેદ પાવિઆરે લોલ ॥ બેની છંડી સકલ જંજાલ હુઆ વ્રત ભાવીઆરે લોલ ॥૫॥ બેની ઇંદ્ર સોનાને થાલકે વાસજ આપીયોરે લોલ, બેની અરિહા એહ આચાર કે તીરથ થાપીઓરે લોલ ॥ ૬ ॥ બેની લાવે ગહુંલી ગેહ કે હરખ વધામણાંરે લોલ, બેની વધાવો જિનરાજ કે કરો વલી ભામણાંરે લોલ ॥ ૭ ॥ બેની બાંધો તોરણ માલકે સુરતરૂ માલિકારે લોલ, બેની ગાવો મંગલગીત મલી બહુ બાલિકારે લોલ ॥ ૮ ॥ બેની ગૌતમ કેવલજ્ઞાનકે સોહમ ગચ્છધણીરે લોલ, બેની આપી જંબુને પાટકે પહોંચ્યા શિવ ભણીરે લોલ ॥ ૯ ॥ બેની કરતાં તેહનુ ધ્યાન કે લહિયે જશ ઘણોરે લોલ, બેની વિશુદ્ધ કહે શ્રી વીરને કે સહુ જય જય ભણોરે લોલ ॥ ૧૦ ॥ ઇતિ

અથ શ્રીગૌતમસ્વામિની ગહુંલી.

સોલ કરી શણગાર સોહાગણ ભામની હો લાલ, ઓઢી નવરંગ ઘાટ ચલે ગજગામની હો લાલ, શીલવંતી કરી થાલ ગ્રહી કુંકુમ ભરી હો લાલ, આવે સમવશરણ માંહે હૈયે ઉલટ ધરી હો લાલ ॥૧॥ સિંહાસન મણીપીઠવિરાજિત જગધણી હો લાલ, વીર જિનેશ્વર વાણી વખાણી અતિ ઘણી હો લાલ, ષટ ઘડીપર્યંત પ્રકાશે પરગડો હો લાલ, નૈગમઅર્થ પ્રવાહ ત્રિભુવન દીવડો હો લાલ ॥ ૨ ॥ કુમતિમત અંધકાર હરે જ્યું દિનમણી હો લાલ, પરખદા હરખિત થાય લહે જિમ સુરમણી હો લાલ, સુણી પ્રભુ નિર્વાણ કરે ગુણ ગહુંલી હો લાલ, આઢાચોખા માન સોપારી ઉજલી હો લાલ ॥ ૩ ॥ વધાવે મુનિરાય કે દીલમાં હરખતી હો લાલ, ગુરૂમુખ પુનમચંદકો નયણે નિરખતી હો લાલ, પામી સ્રી અવતાર ગણેએ સારતા હો લાલ, ખારા સમુદ્ર મઝાર કે મીઠી વારતા હો લાલ ॥ ૪ ॥ ગોરી ગાવે ગીત ગુરૂગુણરસ ચઢી હો લાલ, રાગદ્વેષ દોય ચોર સંઘાતે અતિ વઢી હો લાલ,

કરે પ્રશંસા એકે ધન ધન એ વસા હો લાલ, મનુજ જન્મનો લાહો લે છે શુભદશા હો લાલ ॥ ૫ ॥ પધારે દેવછંદ તિર્થંકર મલપતા હો લાલ, આવી બેસે પદઠાણ શ્રીગૌતમ દીપતા હો લાલ, સૂત્ર તણો જલધાર વરસાવે વેગશું હો લાલ ॥ વિબુધ દરસન વૃક્ષ વધારે નેગશું હો લાલ ॥ ૬ ॥ ઈતિ૦ ॥

અથ શ્રીગૌતમસ્વામિની ગહુંલી.

આછેલાલની દેશી.

રાજગૃહી શુભ ઠાણ, ગુણશિલા નામે ઉદ્યાન આછેલાલ ગોયમ ગણહર આવીયાજી ॥ ૧ ॥ વીર તણા ગણધાર, સર્વ જંતુ હિતકાર આ૦ વિચરે ભવિ-પડિબોહતાજી, દેશના અમૃતધાર, દેતા ભવિ ઉપગાર આ૦ બેસી કનકકજ ઉપરેજી ॥ ૨ ॥ ગુણ છત્રીસનો ધામ, જીત્યો જેણે કામ, આ૦ કામરહિત કામિત દીજીયેજી ॥ ૩ ॥ સુરતરૂ સુરમણિ સાર, સુરગવિ અતિહિ ઉદાર આ૦ જસ નામે સંપદ મિલેજી ॥ ૪ ॥ શ્રેણિકનરપતિ નાર, સાથે સખી પરીવાર આ૦ ગહુંલી લાવે વેગશુંજી ॥ ૫ ॥ ધરતી હરખ અપાર,

ગહુંલી કરતી સાર આ૦ પુરે મુક્તાફલે સાથીઓજી ॥ ૭ ॥ મણિ માણિક બહુ મૂલ, સોવન રજતનાં ફૂલ આ૦ વધાવે વધતે મનેજી ॥ ૭ ॥ લળી લળી નમતી પાય, હર્ષે ગુરૂગુણ ગાય, આ૦ ભામણા લે ભલી રીતશુંજી ॥ ૯ ॥ ગાવે ગુરૂ ગુણ ગીત, પરમ ધરી મન પ્રીત આ૦ સોહવ સરીખે સાહશુંજી ॥ ૧૦ ॥ પુણ્યવંતી મનરંગ, ધરતી ભક્તિ ઉમંગ આ૦ અમૃત પદચિત્ત ચાહતીજી ॥ ૧૧ ॥ ઇતિ ॥

અથ શ્રીગૌતમસ્વામિની ગહુંલી.

રાગ—પ્રણમી સદગુરૂ પાય ગાશું રાજીમતી સતીજી

એ દેશી.

વીર જીનેસર પાય પ્રણમીએ ગૌતમ ગણધરૂજી, કરતા ઉગ્ર વિહાર નિર્મલ ચરણકરણ ધરૂજી. ॥ ૧ ॥ રાજગૃહી ઉદ્યાન ગુણશિલ ચૈત્ય સમોસર્યાજી, સાથે બહુ પરિવાર અવગ્રહ લેઈ ઉતર્યાજી. ॥ ૨ ॥ ધ્યાના નિર્મલ ધ્યાન શુદ્ધિ સ્વભાવે વર્તતાજી, બાહ્યાતમ કરી દૂર પરમાતમને સમરતાજી ॥ ૩ ॥ આગમન

સાંભળી તાસ અંતેઉર હરખિત થયાજી, તહા શ્રેણિક-રાજ પરિવાર લેઇને વંદન ગયાજી. ॥ ૪ ॥ ઉપશામ અમૃત ભંડાર, દેખી ગૌતમ ગણધરૂજી, ચિંતે હૃદય મઝાર, ધન્ય દિવસ ઇમ નરવરૂજી. ॥ ૫ ॥ રાણી ચેલ-ણા નારી, કુંકુમ શું કરે ગહુંલીજી, ગાઈ સુંદર ગીત સુંદરી સવિટોલે મલીજી. ॥ ૬ ॥ અક્ષત આતમ ભાવ, અક્ષત પદ લેવા સતીજી, અક્ષત લેઈ સાર; આસ્તિક સ્વસ્તિક પૂરતીજી. ॥ ૭ ॥ વધાવી ગુરૂરાય, બેઠી સ-વિ સહીયર મલીજી; મીઠી અમીયસમાણિ, સાંભલે દેશના નિર્મલીજી. ॥ ૮ ॥ ઋદ્ધિ કીર્ત્તિમય વીરવિમલ ભક્તિકરે શાસનેજી, કુશલે લહો નિજ ઋદ્ધ બેસે સહું શિવ આસનેજી. ॥ ૯ ॥ ઇતિ ॥

અથ શ્રીસુધર્માસ્વામિના ગહુંલી.

નદી યમુનાકે તીર ઊડે દોય પંખીઆ એ દેશી.

ચંપાનયરી ઉદ્યાનમાં ગણધર આવિયા, નામે સોહમસ્વામિ ભવિક મન ભાવિયા, વિષય પ્રમાદ ક-પાય હાસ્યાદિક તે તજી, રમતા આતમરામ કે નિજ પરિ ણતિ ભજી ॥ ૧ ॥ નિરાગી ભગવાન કરે ગુણ દેશના,

ઉપગારી અસમાન કે તારે ભવિજના, સુણવા જિનવર વાણી તિહાં આવ્યા સહુ, નર નારીના થોક કે હરખે મને બહુ ॥ ૨ ॥ વસન આભૂષણ વ્રત તણા નિજ અંગે ધરે, કોણિકભૂપની નાર હવે ગહુંલી કરે, સુમતિ ગુપ્તિ સહિયરને સાથે આવતી, આત્મ અસંખ્ય પ્રદેશ રકેબી લાવતી ॥ ૩ ॥ શ્રદ્ધા કુંકુમ ઘોલી સ્વસ્તિક કરે ભાવથી, આતમ પીઠને ઉપર જિન ગુણ ગાવતી, વિનયવતી બહુ માનથી ઇમ ગહુંલી કરે, અનુભવ લાજે લૂછણાં આણા તિલક ધરે ॥ ૪ ॥ દ્રવ્ય ભાવથી ઇણિ પરે જે ગહુંલી કરે, સમકિતવંતી શ્રાવિકા ભવ સાયર તરે, મણિઉદ્યોત ગુરૂરાજના ગુણ સખી મન ધરો, પામી મનુજ અવતાર કે શંકા નવિ કરો ॥૫॥ઇતિ

અથ શ્રીજંબૂસ્વામિની ગહુંલી.

આવો સખી સિદ્ધાચલ જઇયે—એ દેશી.

વીરપ્રભુના પટો ધરીયા, કે રાજગૃહી આવી સમોસરીયા, કે સુધર્માસ્વામિ ગુણે ભરીયા, ચાલો સૈયર ગણધરને વંદો, કે વંદી ભવદુઃખને કંદો. ॥ ચાલો. ॥૧॥

કોણિક હરખ્યો તિહાં આવે, ચતુરંગી સેના સજ્જ થાવે; ઋષભદત્ત જંબુ સાથે લાવે ॥ ચા૦ ૨ ॥ સોલ શણગાર અંગે ધરીયા, કે પદ્માવતી ગુણે ભરીયા; કે સખી સાહેલી પરવરીયા ॥ચા૦॥૩॥કે હરખ ધરતી તિહાં આવે પદ્માવતી ગહુંલી વળી લાવે; કે મુક્તાફલશું તે વધાવે. ॥ ચા૦ ૪ ॥ દેશના સુણી ભવિજન ઠરીયા, સંજમ લે જંબુ કેશરીયા; અનુમત લેવા ઘેર ફરીયા ॥ ચા૦ ૫ ॥ કે માતપિતા અનુમતિ નાપે, કે સંજમ લેવું પ્રભાતે; મુજ મન લાગ્યું પ્રભુજી સાથે ॥ ચા૦ ૬ ॥ માતપિતાએ પરણાવ્યા, પરણી નિજ મંદિર ઠાયા, પ્રભવો ચોરી કરણ આયા ॥ ચા૦ ૭ ॥ પ્રભવાદિક તિહાં પ્રતિબોધ્યા, પ્રતિ ઉત્તર જંબુ બહુ દીધા; પ્રભાતે કોણિકને કીધા ॥ ચા૦ ૮॥ કોણિક હરખ ધરી આવે, સંજમ સામગ્રી લાવે; પ્રભવાદિકનું રંગ ઠાવે ॥ ચા૦ ૯ ॥માતપિતા સરવે મલીયા, પાંચસેં સતાવીશ થયા બલીયા; ગુણશિલચૈત્ય આવી ઠરીયા ॥ચા૦ ૧૦॥ કોણિકરાય અનુમત દીધાં, પંચમહાવ્રત તિહાં લીધાં; મનવંછિત કારજ સીધાં ॥ ચા૦ ૧૧ ॥ સંવત ઓગણીચોદા વર્ષે, જંબુચરિ-

ત્ર વાંચ્યું હર્ષે; પેથાપુર પંચમી શુભ દિવસે ॥ચા૦૧૨॥ એવા મુનિવર નિતુ ધ્યાવે, પ્રમોદ મણી ઉદ્યોત પાવે, દાન દયા નિતુ ગુણ ગાવે ॥ ચાલો૦ ૧૩ ॥ ઇતિ ॥

અથ શ્રીજંબૂસ્વામિની ગહુંલી.

રાગ—અજબ કિયોરે મુનિરાય લઘુવય જોગ લીયોરે. એ દેશી.

સોલવરસે સંજમ લીયોરે, છોડી સર્વ વિભાવ મુનિવર યોગ લીયોરે; ઉદાસીન ઘરમાં વસેરે, નિજ ગુણ સ્થિરતા ભાવ ॥ મુ૦ ૧ ॥ શિવનારી વરવા ભણીરે, તરૂણી આઠ વિછોડ મુ૦, દુઃખદાયક જાણી તજીરે, સોવન નવાણું કોડ ॥ મુ૦ ૨ ॥ સુખદાયક સંજમ ભજીરે, તજી વિષયનો રાગ મુ૦, આતમગુણની રમણતારે, તેં કીધી મહાભાગ ॥ મુ૦ ॥૩॥ મુનિ પરિવાર શું પરિવર્યોરે, જંબુયુગપરધાન મુ૦, વિચરંતાં આવ્યા તિહારે, રાજગૃહી ઉદ્યાન ॥ મુ૦ ॥ ૪ ॥ કોણિક ભૂપતિ વાંદવારે, સાથે લેઇ પરિવાર મુ૦,પદ્માવતી કરે ગહુંલીરે, નિજ આતમને ઉદ્ધાર ॥ મુ૦ ॥૫ ॥ મણિ માણેક મોતી તણારે, કરે લૂંછણાં અતિહિ ઉદ્ધાર મુ૦, ભામણાં

લે ભલી ભાતશું રે, કહે તારં તાર મુઝતાર. ॥ મુ૦ ૬ ॥ સૂત્રભકિત કરે ભાવશું રે, સુણતી જિનવર વાણ મુ૦, મ-ણિ ઉદ્યોત સમ આતમારે, અપિો આપ પિછાણ॥મુ૦॥૭॥

અથ શ્રીસ્થૂલભદ્રસૂરિની ગહુંલી.

રાગ—જીરે મ્હારે જાગ્યો કુંવર જામ, તવ દેખે દોલત-મલી જીરેજી એ દેશી.

જીરે માહરે સ્થૂલિભદ્રસૂરિરાય, સાતમે પાટે સોભા-ગીયો જીરેજી; જીરે માહરે રાખી ધર્મની ટેક, જિનશા-સનમાં જાગિયો જીરેજી ॥ ૧ ॥ જીરે માહરે ભદ્રબાહુ મુણિંદ, સંભુતિવિજયસૂરિ તણો જીરેજી; જિરે માહરે પાટવી શિષ્ય સુજાણ, શિયલ ગુણે સોહામણો જીરેજી. ॥ ૨ ॥ જીરે માહરે કોશ્યા કરી ગુણ ખાણ, જૈનધર્મથી નવિ ડગે જીરેજી; જીરે માહરે નામ રાખ્યું જગ માંહિ, ચોરાશી ચોવિશી લગે જીરેજી ॥ ૩ ॥ જીરે માહરે દેશ દેશાંતર માંહિ, વિહાર કરે ઉદ્યમપણે જીરેજી; જીરે મારે સંઘ ચતુર્વિધ જાણ, ઉદ્યમ કરે ઉલટ ઘણે જીરેજી ॥૪॥ જીરે મારે વાજે ઢોલ નિશાન, સરણાઈ મધુર સ્વરે જી-રેજી; જીરે માહરે ગોરી ગાવે ગીત, સોહાગણ ગહુંલી

કરે જીરેજી. ॥ ૫ ॥ જીરે માહરે સુણી દેશના સાર, વ્રત પચ્ચખ્ખાણ બહુ આદરે જીરેજી; જીરે માહરે ગામ નગર તે ધન્ય, જે મુનિવર પાવન કરે જીરેજી ॥૬॥ જીરે માહરે ધન્ય શકડાલ પ્રધાન, ધન્ય લાછલદે માતને જીરેજી; જીરે માહરે ધન્ય તે નાગરી નાત, ધન્ય તે સરીયા ભ્રાતને જીરેજી ॥ ૭ ॥ જીરે માહરે ધન્ય યક્ષા પ્રમુખ, સાતે બહેન સોહામણી જીરેજી; જીરે માહરે સૂરીશ્વર સિરદાર, શ્રીસ્થૂલિભદ્ર શિરોમણી જીરેજી ॥ ૮ ॥ જીરે માહરે ધ્યાન ધરો દિન રાત, એવા મુનિનું ખાંતશુ જીરેજી; જીરે માહરે હોશે મંગલ માલ, વિબુધ ભણે અવિભ્રાંતશું જીરેજી ॥ ૯ ॥ ઇતિ ॥

અથ શ્રીવિજયસેનસૂરિનીગહુંલી.

શ્રીવીરજિનેશ્વર પાટે, થાપ્યા સોહમસ્વામિ ધય ઘાટે, સૂરીશ્વર જહાજની પેરે તારે,સવાઈ ગુરૂવાહણની પેરેતારે. ભવોદધિ પાર ઉતારે, જહાજમાં તે કુઆ થંભ સોહે, શ્રીપૂજ્ય ચારિત્ર ગુણે મોહે ॥૧॥ સૂરીશ્વર જહાજની પેરેતારે ॥આંકણી॥જહાજ તે સઢ દોરે ચાલે, ગુરૂજ્ઞાન ક્રિયા અજુઆલે સવાઈ૦ વહાણનાંગ મોટે થોભ, શ્રીજીજિનસાશન-

માંમોભ ॥૨॥ સૂ૦ ॥ જહાજ દરિયો પાર ઉતારે, શ્રીપૂજ્ય ભવ સમુદ્ર નિસ્તારે સવાઇ૦,જહાજ વિવિધ કરિયાણે ભરિઓ, શ્રીપૂજ્યે સિદ્ધાંતસાર ઉદ્ધરિઓ ॥૩ સૂ૦॥ જહાજ બંદિર માંહિ નીસરે, શ્રીજી દેશવિદેશે વિચરે સવાઇ૦, જહાજ વાયુવેગે ડોલે,શ્રીજી કામ પવનને ઝોલે ॥ ૪ ॥ સૂરી૦ ॥ સોહાગણીની મલી ટોલી, ગીત ગાવે ભામિની ભોલી, સવાઇ૦ ગુરૂ આગલ ગહુંલી કરતી,નિજ આતમ પુણ્યે ભરતી ॥ ૫ ॥ સૂ૦ ॥ સોના રૂપાને ફુલડે વધાવે, માણેકમોતીશું મન ભાવે સવાઇ૦, ગુરૂ નિરખી આનંદ પાવે, ધર્મકામ ઉદ્યમે થાવે ॥ ૬॥ સૂરી૦॥ ગુરૂદેશના દે ભરપૂર, ભવિજનના કર્મ કરે ચકચૂર સવાઇ૦, કંચનની નવાણુ કોડી, નારી આઠ વલી તેણે છોડી ॥ ૭ ॥ સૂરી૦ ॥ જંબૂસ્વામિ સંજમ ધારી, પ્રભુ પાટ તણો અધિકારી સવાઇ૦, પાંચસેં ચોરને તેં તાર્યા; ઇમ કરતા પર ઉપગારા ॥ ૮ ॥ સૂરી૦ ॥ તેહને પાટે પરંપરા [illegible]જે, પાળી પંચ મહાવ્રત રાજે સવાઇ૦, ગુરૂતત્વ નિર્ણય કરજો, સંવેગી વિબુધ અનુસરજો ॥ ૯॥સૂરી૦ ॥ ઇતિ ॥

અથ શ્રીજ્ઞાનવિમલસૂરિનીગહુંલી.

રાગ—પ્રથમ જિનેશ્વર પૂજવા સહિયર મોરી અંગ ઉલટ ધરી આવ હો. એ દેશી.

પરમ પદારથ પામવા શાસન ધોરી, વિચરે દેશવિદેશ હો; ઉપદેશ દઇ પાવન કરે શાસન ધોરી, નહિ મમતા લવ લેશ હો, ॥ ૧ ॥આગમ પૂરા સૂરિ સંયમ શૂરા મુનિ સહજ સનૂરા ગણિ રાજ્યા શાસન ધોરી ધન્ય ધન્ય તુમ અવતાર હો ॥ એ આંકણી ॥ ગોયમ સોહમ પાટવી શાસન ધોરી, જંબૂપ્રભવો સ્વામ હો; જ્ઞાનવિમલસૂરીશ્વરૂ શાસન ધોરી પાટ પરંપરા ઠામ હો ॥ ૨ ॥આગમ૦ પૂરા સૂરિ૦॥સંવેગિ શિરસેહરો શાસન ધોરી,ઋદ્ધિવિમલ ગણિ શિષ્ય હો, શ્રીકીર્તિવિમલપંડિત વંદેશાસનધોરી. સૂરિ ગુણ વિસવાવીસ હો ॥ ૩ ॥આગમ૦॥ઇંદરજી કુલ કેશરી શાસનધોરી, તેજબાઇ સુત ગુણપૂર હો; શિષ્ય લબ્ધિ ગોયમ સમો શાસનધોરી, દીઠા નજર હજૂર હો ॥ ૪ ॥ આગમ૦ ॥સંભારી ગુરૂ એહવા શાસન ધોરી, ગહુંલી કરો શુભ નાર હો; સોહાગણ ફલ પામશો; શાસન ધોરી, વિબુધ ભણે નિરધાર હો ॥ ૫ ॥ આગમ-પૂરા સૂરિ૦ ॥ ઇતિ ॥

અથ શ્રીજ્ઞાનવિમલસૂરિની ગહુંલી.

રાગ–ઝાંઝરિયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર એ દેશી

સૌભાગી સદ્ગુરૂ ઘો અમને ઉપદેશ, ઉપશમના દરિયા જ્ઞાને ભરીયા ઘો અમને ઉપદેશ ॥ સરસ સુધારસ મીઠડીજી, આગમ કેરી એ ભાવ; શ્રવણે જે સંભલાવતાજી, હિઅડે હેજ અપાર તો ॥સોભાગી૦ ॥ ૧॥ કુંકુમચંદન ગહુંલીજી, મોતીના ચોક પૂરાવતો; સોલશણગાર સજી કરીજી, શ્રી ગુરૂ આગલ આવતો ॥ સો૦ ॥ ૨ ॥ નિદ્રાવિકથા પરિહરોજી, આળસ અલગું છંડતો; એક મના થઇ સાંભલોજી, જેમ હોય સુખ અખંડ તો ॥ સો૦ ॥ ૩ ॥ દાન દીયો ઉલટ ધરીજી, કરો શાસનની ભક્તિ તો; જન્મ સફલ ઇમ કીજીએજી, સમકિત હોય સ્થિર થોભતો ॥ સો૦ ॥ ૪ ॥ વહાલાથી વહાલા ઘણુંજી, જીવન પ્રાણ આધારતો; વિસાર્યા નવિ વિસરોજી, ધર્મ તણા ઉપગાર તો ॥સો૦॥ ૫ ॥ જ્ઞાનવિમલ ગુરૂ વાંદતાંજી, હોય લાભ અછેહતો; સુખસાગર પ્રસરે સદાજી, વાધે ધર્મ સનેહ તો. ॥ સો૦ ॥ ૬ ॥ ઇતિ૦ ॥

અથ શ્રીસામાન્ય ગહુંલી.

રાગ—નણદલ હે નણદલ થારો વીરો ચારિત્ર લીયે
એ દેશી.

સુંદરિ હે સુંદરિશુભપરિણત ગુરૂ આવિયા, અનુપમ મન વન માંહિ; સુંદરિ હે સુંદરિ સમકિત આસન બેસણે ચરણકરણ તરૂ છાંહિ ॥ ૧ ॥સુંદરિ હે સુંદરિ, શુભ પરણત ગુરૂ આવિયા ॥ એ આંકણી. ॥ સુંદરિ હે સુંદરિ સમતા વનિતા સાંભલી,આતમ પ્રિયતમ વાત; સુંદરિ હે સુંદરિ૦ પ્રભુ ગુણ ગહુંલી કરણ ચલી, અધ્યાતમ પ્રભાતિ ॥૨॥ સુંદરિ હે૦॥ સુંદરિ૦ આગમ પ્રીતિ પછેલડી, ઓઢી કરૂણાવાટ; સુંદરિ૦ પેહરિ પટુતા કાંચલી ભૂંષણ ભાવના માટ ॥ ૩ ॥ સુંદરિ હે૦॥ સુંદરિ હે, સુદંરિ અનુભવ કુંકમ ઘોલિઉ, ધર્મધ્યાન ગ્રહી થાલ; સુંદરિ હે૦ સુંદરિ શમ સંવેગ મુખ સાથિયો, પૂરે થઇ ઊજમાલ॥૪॥ સુંદરિ હે૦॥સુંદરિ હે સુંદરિ નય પ્રમાણ નિરધારણ, મુક્તાફલશું વધાવ; સુંદરિ હે સુંદરિ બાર ભેદ તપ નિર્જરા, સોવન ફુલ મન ભાવ.॥૫॥સુંદરિ હે૦ સુંદરિ હે સુંદરિ ઇણિપેરે નિત્યે ગહુંલી, સતીય સોહા-

ગણુ નારિ; સુંદરિ હે સુંદરિ વિધવાપર ગુનહસિદ્ધિ, સદ્ગુરૂ સદા ભરતાર ॥ ૬॥સુંદરિ હે૦॥ સુંદરિ હે સુંદરિ મુગતિ મહેલમાં મ્હાલતી, જ્ઞાન પલંગ બિછાય; સુંદરિ હે સુંદરિ વિબુધવિમલસૂરિ ભણે,શ્રીસંઘને મંગલમાલ ॥ સુંદરિ હે૦ ॥ ૭ ॥ ઇતિ ॥

અથ શ્રીસામાન્યબહુશ્રુતની ગહુંલી.

રાગ—લાલ ગુલાલ આંગી બનીરે એ દેશી.

મોહની નિંદ્રા પરિહરીરે, ચેતના શુદ્ધ જગાવો લાલ; સમકિત સૂર ઉદયે થએરે, મિથ્યારજની ખપાવો લાલ ॥ ૧ ॥ બહુશ્રુત આગલે ગહુંલીરે, સમકિતવંતી શ્રાવિકારે. રૂચિવતિ શુભ પરિણામો લાલ; મોક્ષમારગ અનુસારીનારે, ગુણ ધરતી આતમરામો લાલ ॥બ૦ ૨॥ જિન આણા પટ સાટિકારે, મતિગુણ ભૂષણ સારો લાલ; આત્મ અસંખ્ય પ્રદેશ તે રે, રત્ન રકેબી ઉદારો લાલ ॥ બ૦ ॥ ૩ ॥ ચોક પૂરો ગતિચારનોરે, શ્રીફલ શિવફલ કાજે લાલ; હવિ માગો વિનયે કરીરે, બેની મુગતિનો રાજે લાલ ॥ બ૦ ॥ ૪ ॥ નંદાવર્ત્ત કરી નવ નવારે, ભમી ભવવાર અનંતો લાલ; અક્ષયપદ હવે દી-

જીયેરે, ગુરૂજીશું ગુણમહંનો લાલ ॥ બ૦ ૫ ॥ આગમ આગમધરમુનિરે, ગુણ ગુણિભાવ અભેદો લાલ; પર પરિણામને ટાલવારે, ભવપરજાયનો છેદો લાલ ॥ બ૦ ॥ ૬ ॥ વિનય ધરી હરખે ભરીરે, આદર કરીને અપારો લાલ; મણિઉદ્યોત ગુરૂ સેવિયેરે, પામો મંગલમાલો લાલ ॥ બ૦ ॥ ૭॥ ઇતિ.

અથ શ્રીસામાન્યગહુંલી.

રાગ–બાપલડાંરે પાતિકડા તુંમે શું કરશો હવે રહિને રે એ દેશી.

ક્યાં ગયારે મહારા ગુરૂ ગુણવંતા, જિન આણા શિર ધરતા રે; એકવિધ અસંજમને ટાલે, દુવિધ ધર્મ સુણાવેરે ॥ ક્યાં ગયારે૦ ॥ ૧ ॥ ત્રણે તત્ત્વને જે ગુરૂ જાણે, ચાર કષાયને વારેરે; પંચમહાવ્રતને જે પાલે, છકાયની કરે રક્ષારે ॥ ક્યાં ગયારે૦ ॥ ૨ ॥ સાત ભયને દુર નિવારે, આઠમદને ગાલેરે; નવવિધ બ્રહ્મચર્યને પાલે, જાણે દશભેદ યતિનારે ॥ક્યાં ગયાં રે૦ ॥ ૩ ॥ અગીયારઅંગને જે મુનિ ભણતા, બારઉપાંગ પ્રરૂપતારે; તેર કાઠીયાને પરિહરતા, ચઉદવિદ્યા ભંડારરે ॥ ક્યાં ગયાં રે૦॥ ૪ ॥ પન્નરસિદ્ધના ભેદ તે જાણે, સોલકષા-

યને છાંડેરે; સત્તરપ્રકારે સંજમ ધરતા, જે મુનિમાંહિ મહંતારે ॥કયાં ગયાંરે ०॥ ૫ ॥અઢારસહસ્સ શીલંગરથ ધોરી, મુનિ મારગને વહેતારે; ઓગણીસ કાઉસગ્ગના દોષ તજતા, વીશ અસમાધિ સ્થાનેરે ॥ કયાં ગયાં રે० ॥ ૬ ॥ એકવીશ સંબલ બાવીશ પરિસહ, વિષય તે બીશને તજતારે; ચોવીશ તિર્થંકરનીઆણા, ધરતા જે ગુણવંતારે ॥કયાં ગયાં રે० ॥ ૭ ॥ પચવીશ ભાવનાને અનુસરતા, દશકલ્પ આચારરે; ઇત્યાદિક ગુણે કરી શોભે, મુનિ માનસસરહંસરે.॥ કયાં ગયાં રે० ॥૮॥એવા ગુરૂની આગળ ગહુંલી, કરતાં શિવસુખ સાધેરે; દાન દયાગુરૂ ચરણ પસાયે, સૌભાગ્ય લહે સુખકારરે ॥કયાં ગયાં રે० ॥ ૯ ॥ ઇતિ ॥

અથ શ્રીસામાન્યગહુંલી.

રાગ—રામચંદ્રકે બાગ ચંપો મોહી રહ્યોરી એ દેશી.

આજ આ નગર મઝાર અતિ આણંદ ભયોરી, દેખી ગુરૂ દીદાર દારિદ્ર દૂરે ગયોરી ॥ ૧ ॥ વાચણાના અધિકાર મંગલ આઠ કરોરી, સ્વસ્તિક સુંદરિ પૂરિ શ્રીગુરૂ વાણી સુણોરી ॥ ૨ ॥ અધ્યાતમ વરથાળ પ-

રગુણ મોતી ગ્રહેરી; ગુણિજન પખસમુદાય સોવન ફુલ વહોરી ॥ ૩ ॥ શુભ રૂચિરજતકચોલ સમકિત ચોક ભરોરી; ચૂંદડી શ્રી જિન આણ તિલક વિવેક ધરોરી ॥ ૪ ॥ અનુભવરયણ અમોલ, શ્રીફળ સરસ બન્યોરિ; ઉત્તર[1] ગુણ બહુ સાલિ ઉજ્વલ તેહ સુણયારી ॥ ૫ ॥ સુવિહિત ગુરૂ મુખ નૂર નિરખે હેજ ધણારી; સાચાં સરસ ચરિત્ર સૂત્ર વખાણ સુણારી ॥ ૬ ॥ દ્રવ્યભાવ બિહું ભેદ, ઇણિ પરે ગહુંલી કરોરી; તે નિર્મલ લહી બોધ ભવજલ રાશિ તરોરી ॥ ૭॥ સોહાગણિ તે નારિ, નરભવ સફલ કરેરી, જ્ઞાનવિમલ રસ રંગે લીલા લચ્છિ[2] ધરેરી. ॥ ૮ ॥ ઇતિ ॥

અથ શ્રીગહુંલી.

રત્નત્રયી આરાધવા, આણી અધિક ઉમેદ સહિયર મોરી હે; આગમ આગમધર સુણી, ગુણગુણી ભાવ અભેદ ॥ ૧ ॥ સહિયર મોરી હે, ગહુંલી કરો ગુરૂ આગળે. ॥ એ ટેક ॥ પર પરિણામને ટાળવા, લેવા શિવપુર શર્મ ॥ સ૦ ॥ ગ૦ ॥ ૨ ॥ દ્રવ્યભાવ સંજોગ-

---

૧ ઉત્તર ગુણ બહુરી એ પાઠ અધિક છે. ૨ લક્ષ્મી.

થી જે રહે નિત્ય અલેપ ॥ સ૦ ॥ સ્યાદ્વાદની દીયે દેશના જાણે નય નિક્ષેપ ॥ સ૦ ॥ ગ૦ ॥ ૩ ॥ આત્મભાવ સ્વરૂપના, ભાસન ભાનુ સમાન ॥ સ૦ ॥ સ્વપર વિવેચન શ્રુત થકી, તેણે ભક્તિ બહુમાન ॥ સ૦ ॥ ગ૦ ॥ ॥ ૪ ॥ રૂચિવંતી સુશ્રાવિકા, કરવા શ્રુતની બહુ ભક્તિ ॥ સ૦ ॥ વિનવતી બહુમાનથી, ફોરવતી આત્મશક્તિ ॥ સ૦ ॥ ગ૦ ॥ ૫ ॥ આત્મ બાજોઠની ઉપરે, સમકિત સાથીયો પૂરે ॥ સ૦ ॥ લળી લળી કરતીલૂંછણાં, મિથ્યામતિ કરી દૂરે ॥ સ૦ ॥ ગ૦ ॥ ૬ ॥ જે સુણે આગમ ઈણ વિધે, જન્મ સફળ હોય તાસ ॥ સ૦ ॥ માહરે ભવોભવ નિત્ય હોજો, જ્ઞાન મહોદય વાસ ॥ સ૦ ॥ ॥ ગ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

અથ શ્રીગહુંલી.

બેની નરભવ પામી પુણ્યે રૂયડોરે, બેની શુચિરૂચી કરી શણગારરે વધાવો ગુરૂને મોતીડે; બેની દરિસણ કરી આદિ દેવનુંરે, બેની વળી વળી વંદો અણગારરે ॥ વધાવો૦ ॥ ૧ ॥ મયગલપરે મુનિ મ્હાલતાંરે, બેની મધુકર પેરે લહે આહાર ॥ વધાવો૦ ॥ બેની આત્મ

આરામે રમે રંગશુરે, બેની સૂત્ર અર્થ રયણના ધાર ॥ વધાવો૦ ॥ ૨ ॥ બેની પૂરો સોહાગણ રૂડા સાથી-યારે, બેની ગાઓ મંગલ ગીત ॥ વધાવો૦॥ બેની ત્રિ-વિધિશુ વંદી કરો લૂંછણારે, બેની એ જિનશાંસન રીત ॥ વધાવો૦ ॥ ૩ ॥ બેની પચ્ચખ્ખાણ કરો પાય વંદી-નેરે, બેની વીર વાણી પીઓરે રસાલ॥વધાવો૦॥ બેની વિશુદ્ધ હોઇ આતમ આપણોરે, બેની શિવશુખ લહોરે વિશાળ ॥ વધાવો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

અથ શ્રીગુરૂમહારાજપધારવાનીગહુંલી.

શ્રી સંખેશ્વર પાય નમી, સરસતી કરી સુપસાય; મુનિ આવ્યા મન સુખ ઘણું, આગમન સુણી સામો જાય ॥ મુનિ પધરાવો પોસાલમાં ॥ એ આંકણી ॥ હૈડે હરખ ન માય, સહુને મન સુખ થાય; દુર્જન ઝુરી ઝાંખો થાય ॥ મુ૦ ॥ ૧ ॥ પાંચ મહાવ્રત પાલતા, વળી પંચરે આચાર; પરમાદ પંચતે દુર કરી; ત્રણ ગુપ્તિ ચિત્તધાર ॥મુ૦૨॥ નવ વિધી શિયલ જે પાળતા, નવનોકષાયનો ત્યાગ; જે કરશે તરશે સદા, તે મુનિ નમે મહાભાગ ॥ મુ૦ ॥ ૩ ॥ સુમતિ ગુપ્તિ ચિત્ત ધા-

રતા, ચરણ કરણ ગુણ ખાણ;જિનવાણી મુખ વરસતા બુજવે જાણુ અજાણ ॥ મુ૦ ॥ ૪ ॥પૃથિવી પાવન કરતાં થકાં, રાજગૃહીનગરી ઉદ્યાન; વન પાલ કરે વધામણી કોણિક ઉલ્લશ્યો તનમન ॥ મુ૦ ॥ ૫ ॥ રૂપ કનક સોનૈયા ઘણા, હયગય ઋદ્ધિ અપાર; દાન દીધુ રે વધામણી, મુગટ વિણું શણગાર ॥ મુ૦ ॥ ૭ ॥ કોણિકરાય હવે વાંદવા, સાથે ઋદ્ધિ અપાર, ચતુરંગી સેના તે સજ્જ કરી, મુનિ વાંદવાનો છે પાર. ॥ મુ૦ ૭॥ પદ્માવતી આદે બહુ વળી, સજીયા સોળ શણગાર;કનક રકેબી તે કર ધરી, થાળ ભર્યો મોતીસાર ॥ મુ૦ ॥ ૮ ॥ ઘાટડિ રે ઘુટી સમા કરે, કંકણનો ઝણકાર; તીલક કર્યો રે હીરે જડયો. ગીત ગાયે અતિસાર ॥ મુ૦ ॥ ૯ ॥ મોટે મંડાણે મુનિ વાંદવા, આવે કોણિકરાય; વાજાં વાજેરે બહુ પેરે, મનમાં હર્ષ ન માય ॥ મુ૦ ॥ ૧૦ ॥ પુરબાહિર એમ આવીયા, કરવા સમકિત શુદ્ધ; સુધર્માસ્વામી સુણી દેશના, નિર્મલ થાશે વળી બુદ્ધ ॥ મુ૦ ॥ ૧૧॥ પદ્માવતી ગહુંલી કરે, સાથીયો શ્રીફલ સાર; મુકતાફલ શું વધાવતી, ચુરતી કર્મની ધાર ॥ મુ૦ ॥ ૧૨ ॥ પંચ

અભિગમ સાચવી, વાંદે કોણિકરાય, ઉચિત થાનક બેઠા તિહાં, ધર્મ કહે મુનિરાય ॥ મુ૦ ॥ ૧૪ ॥ દાન શીયળ તપ ભાવના, કરતાં પાપ પલાય; શિયળ થકી જંબુ સુખ લહ્યા; દાને શાલીભદ્ર રાય ॥ મુ૦ ॥ ૧૫ ॥ સુંદરી આદે તપથી સુખ લહ્યા, ભાવથી ભરત કેવલ નાણ; આરિસાભુવન અવલોકતાં, ધર્મ થકી નિરવાણ ॥મુ૦૧૬॥ ઇત્યાદિક સુણી દેશના, ચિત્ત હરખ્યો કોણિકરાય; કરજોડી એમ વિનવે,પુરમાં પધારો મુનિરાય ॥મુ૦॥ ૧૭ ॥ એમ વિનતી કરે ભાવશું, વિકસીત વદન ભૂપાલ; સુંદરી ધવલ દીયે બહુપરે, વાજીંત્ર ગીત રસાલ ॥ મુ૦॥૧૮॥ મુનિ વિનતિ ઇમ કરે, પધરાવજો પોશાલ; મુનિપદથી સુખ બહુ લહો,શંકા કંખાદુર નિવાર ॥મુ૦॥ ॥ ૧૯ ॥ મુનિ આવ્યા મન સુખ ઘણું, ફળીયા મનોરથ આજ; શાસનદેવી આજ મુજ તુઠ્યા,સેહેજે સરસે મુજ કાજ ॥ મુ૦ ॥ ૨૦ ॥ અસાડમાં આશા પુરી, ગુરૂ આવ્યા પેથાપુર મોઝાર; વિમલગચ્છે વિમલ કરૂં, દેશના દે જલધાર ॥મુ૦॥૨૧॥ પરવ પજુસણ કરશે ઇહાં, સંઘને હર્ષ અપાર; અજાણ્યો આવ્યો ઘેર પ્રાહુણો, પાલીશું જીવ અમાર ॥ મુ૦॥૨૨ ॥ છઠ અઠમ આદે તપ કરી,

ગુરૂ મુખ કરૂ પચ્ચખાણુ; ચંદનસમ શીતલ દેશના, એવી ગુરૂજીની વાણ ॥મુ૦॥૨૩॥ દેશના સુણી હરખિત થયા, આજ ફલી સહુની આશ; શાસનદેવીના સાજથી, મુનિપદ સેવ્યા શિવવાસ ॥મુ૦॥૨૪॥ રૂડું થયું ગુરૂ આવ્યા ઇહાં, હીયડે હર્ષ ન માય; આશ પુરીરે સૌ સંઘની પુર થયું તસ સાય ॥ મુ૦॥૨૫॥ સંવત ઓગણીસચોદા વર્ષે, પેથાપુર નયરમાં ચોમાસ; સંઘે કરી ત્યાં વિનતિ, ભાવે ભણી લ્યો શિવવાસ ॥ મુ૦ ॥ ૨૬ ॥ મણિ ઉદ્યોત ગુરૂ હરખે લાવ્યા, સંઘની ફળી સરવે આશ; દાન દીધું સંઘે બહુ પેરે, દયા પાળો શિવવાસ ॥ મુનિ પધરાવો પોશાલમાં ॥ ૨૭ ॥ ઇતિ ॥

અથ શ્રીગુરૂવિહારની ગહુંલી.

શ્રી સંખેશ્વર પાયે નમીજીરે, સરસ્વતી કરી સુપસાય; નવકલ્પી મુનિરાજનેજીરે, કરૂં વિનતી ચિત્ત લાય ॥મોરા ગુરૂજી મ કરો આપ વિહાર ॥૧॥ પંચમહાવ્રત પાલતાજીરે, વલી પંચરે આચાર; પ્રમાદ પાંચે દુર કરીજીરે, ત્રણ ગુપ્તિ ચિત્તધાર ॥ મો૦॥૨ ॥ મુનિ આચારને પાલતાજીરે, આવ્યા એણેરે દેશ; સફલ થઇ

આજ માહરીજીરે, મનની સરવે ઉમેદ ॥ મો૦॥૩॥ અ-
સાઢમાસ અતી આકરોજીરે, જલ વરસે બહુ ધાર;
તેમ મુનિ જિનવાણી તણોજીરે, કરતા મુખ ઉચ્ચાર
॥ મો૦॥૪॥ શ્રાવણ સરવર દેખીનેજીરે, વનરાજી સવિ
ફુલ; જિનવાણી ગુરૂ મુખ કહેજીરે, કોણ કરે તસ મૂલ
॥ મો૦॥૫॥ ભાદરવો ભલે ગાજીયોજીરે, ફલી અમારી
રે આશ; હરખ થયો અમને ઘણોજીરે, ખોબલે ઠવે ગુરૂ
વાસ ॥ મો૦॥૬॥ આસોયે આશા હતીજીરે, ગુરૂ રહેશે
એણે ઠામ; જિનવાણી શ્રવણે સુણીજીરે, સરશે અમારાં
કામ ॥ મો૦॥ ૭ ॥ કારતકમાસ કુણ મુખ થકીજીરે, મેં
સુણ્યો એ સવાલ; વાત કરશે વિહારનીજીરે, વલી જાશે
આજ કાલ ॥ મો૦ ૮ ॥ એટલા દિન મુજને હતીજીરે,
રેહેવાની વલી આશ; વાત સુણી આજ વિહારનીજીરે
જીવડો થયો ઉદાસ॥મો૦॥૯॥ ગુરૂ પોશાલે જાવતીજીરે,
કરતી સામાયિક સાર; ગુરૂ વિરહો દુઃખદાઈ છેજીરે,
એ મુજને સંતાપ ॥ મો૦ ॥ ૧૦ ॥ કારતક શુદી ચૌદશ
લગેજીરે, એમ ઝુરૂરે અપાર; પુનમ દિન વાણી થકીજી
રે, નયણે આંસુની ધાર ॥ મો૦॥૧૧ ॥ કેડ બાંધી અતિ
આકરીજીરે, વળી લીધી પોથી સાથ; ખંભે લીધાં પા-

તરાંજીરે, લેઇ ચેલાની સાથ ॥ મો૦॥૧૨ ॥ પુઠ'વાલી જોયું નહિજીરે, ચાલ્યા દેશવિદેશ; રોતીને જોતી વલી- જીરે, સહેતી અનેક કલેશ ॥મો૦॥૧૩॥ ગુરૂ ભાખે સુણ શ્રાવિકાજીરે,મુનિ સુપના રૂપ ધાર;સુખ હેતુ સૌની ઘણી જીરે,દાન દયા આધાર ॥ચતુરનર અતિશય રાગનિવાર ॥ મો૦ । ૧૪ ॥ ઇતિ ॥

અથ શ્રીદયાવિમલજીમહારાજની ગહુંલી.

ભવિજન વંદીયે ગુરૂ રાયારે, જેથી પામીયે શિવ- સુખદાયા ॥ ભવિ૦ ॥ આંકણી. ॥ મરૂદેશે પાલી ના- આસેરે, ગામ ગોઇંદલા કરે લેહરે; તેમાં વસે મેઘાજી છેલ ॥ ભવિ૦॥૧ ॥ તસ નારી અનોપમ જેહરે, લાધી બાઇ કહીયે તેહરે; એતો શોભે રતિપતિ એવ ॥ ભવિ૦ ॥ ૨ ॥ તુજ કુખે પંચ રતનરે, ગુમનાજીવનાજી જ- તનરે; દેવા ખુમા પરખા પરસન ॥ ભવિ૦॥ ૩ ॥ તે ઉ- પરે પુત્રી સારીરે, ગોમતી ગીગી બહુ પ્યારીરે; તેમાં દેવાજી સહુ હિતકારી ॥ ભવિ૦॥૪ ॥ ઓગણીસેએકની

સાલેરે, ધન લેવા મુંબાઈ જાવેરે; ત્યાંતો જ્ઞાનવિમલ ગુરૂ પાવે ॥ ભવિ૦ ॥૫ ॥ ગુરૂ વાંદીને આગે બેઠારે, કરજોડી સનમુખ રહેતારે; જોગજાણીને દેશના દેતા ॥ભવિ૦॥૬॥ દેશના સુણી લય લાવેરે, સંજમ લેવા મન ભાવેરે; જેહથી જાવું શિવપુરબાર ॥ભવિ૦॥૭॥ સુરત આવ્યા ગુરૂની સાથેરે, ચારિત્ર લેવા ઉલ્લાસેરે; ત્યાંતો અઠ્ઠાઇઓચ્છવ છાજે ॥ ભવિ૦ ॥ ૮ ॥ ઓગણીસેઆઠને વરસેરે, માઘ શુદી સપ્તમી દિવસેરે; લેવોસંજમ પ્રીતિ ઉચ્છરંગે ॥ભવિ૦॥૯॥ શુભ મુહૂર્ત્તે દીક્ષા દેતારે, નામ 'દયાવિમલ' ગુરૂ કહેતારે; તમે થાજો સકલ ગુણવેત્તા ॥ ભવિ૦ ૧૦ ॥ ત્યાંથી વિહાર કરીને આવ્યારે, ભવિલોક તણે મન ભાવ્યારે; એતો રાજનગર હરખાયા ॥ ભવિ૦ ૧૧ ॥ ગુરૂની મૂરતિ મોહનગારીરે, સહુ સંઘને લાગે છે સારીરે; સ્વસ્તિક કરી વધાવે નારી ॥ ભવિ૦ ॥ ॥ ૧૨ ॥ ગુરૂ વાંચે આગમ વાણીરે, પિસ્તાલીસ ગુણની ખાણીરે; ઉપર શત્રુંજા માહાત્મ જાણી ॥ ભવિ૦ ૧૩ ॥ ગુરૂ વિચરે ગામો ગામરે, ઉપધ્યાનાદિક વ્રતતામરે; માળો પહેરાવે ગામો ગામ ॥ ભવિ૦॥૧૪ ॥ ઉપરલી જાત્રા જેહરે, નવનવાણું કહીએ તેહરે; તલાટીની એકાદશ નેહ

॥ભવિ૦ ॥ ૧૫ ॥ એકવીસમી નવાણુ કીધીરે, ઉપર ત-
લાટી થઇને લીધીરે; એમ સર્વ મળી પૂર્ણ વીધિ
॥ ભવિ૦॥૧૬ ॥ એવા ગુરૂ નિત્ય નિત્ય વંદોરે, ભવોભ-
વના પાતિક કંદોરે, તમે શિવપુર પામો આણંદો ॥ ભ-
વિ૦॥૧૭ ॥ મણી ઉધોત ગુરૂ પસાયેરે, દાન દયા ગુરૂ
ગુણ ગાયરે, તેથી પામે સૌભાગ્ય સુખકાર ॥ ભવિ૦ ॥
॥ ૧૮ ॥ ઇતિ. ॥

અથ શ્રીઅઠ્ઠાઇદિવસની ગહુંલી.

રાગ—આજ અધિક આણંદા એ દેશી.

શ્રી સરસતી ધ્યાઉં, મનવાંછિતપાઉં; શ્રી પર્વને
ગાઉં હો રાજ ॥ ૧ ॥ એ મુજ મન રલી ॥ આંકણી. ॥
કરો ધર્મ સજાઇ, આવી એહ અઠ્ઠાઇ; સુણો સહુ ચિત્ત
લાઇ હો રાજ ॥ એ૦ ॥ ૨ ॥ જીવ જતના એ કીજે,
ધવળ મંગળ દીજે; સુગુરૂ મુખ સૂત્ર સુણી જે હો રાજ
॥ એ૦ ॥ ૪ ॥ માસ પક્ષ ચત્તારી, અઠ્ઠદશ દોઈ બારીઃ
કરે ભવિ નરનારી હો રાજ ॥ એ૦ ॥ ૫ ॥ સમતા ચિ-
ત્ત લાવો, મૈત્રી ભાવના ભાવો; અવિચલ સુખ પાવો
હો રાજ ॥ એ૦ ॥ ૬ ॥ ગુરૂ પુસ્તક પૂજો, ભવદુરિતથી

ધ્રૂજે; એહથી ધર્મ ન હૂજે હો રાજ ॥એ૦ ॥ ૭॥ શુભ કરણીને સાધો, ગુણઠાણે એ વાધો; શ્રીપર્વને આરાધો હો રાજ ॥ એ૦ ॥ ૮ ॥ છાંડી ચિત્તનો ચાળો, મન પાપથી વાળો; આશાતના ટાળો હો રાજ ॥ એ૦ ॥ ૯ ॥ નંદીસરદ્વીપે આવે, સુર એકઠા થાવે; જિનભક્તિ રચાવે હો રાજ ॥ એ૦ ॥ ૧૦ ॥ વિધિશું કરો વારૂ, નિજ શક્તિને સંસારૂ; એ કરણી છે તારૂં હો રાજ ॥ એ૦ ॥ ॥ ૧૧ ॥ જ્ઞાનવિમલ વખાણ, સુણે ભવિજન જાણ; હોઇ કોડિ કલ્યાણ હો રાજ ॥ એ૦ ॥ ૧૨ ॥ ઇતિ. ॥

[1]પર્યુષણ સંબંધીની ગહુંલીઓ.

અથ શ્રીપર્યુષણના પહેલા વ્યાખ્યાનની ગહુંલી.

મલ્હાવરાવના ગરબાનો રાગ.

સરસતી સ્વામિને વિનવુંરે, ગણપત લાગુછું પાય મારી બેની; ગહુંલી કરો ગુરૂ આગળેરે, આવી પૌષધશાલ મારી બેની ॥ પર્વ પજુસણ આવીયારે ॥ ૧ ॥ જીવ અમાર પલાવીયેરે, આઠ દિવસ નિરધાર મારી બેની; ન્હાવણ ધોવણ ખાંડણુરે, લીંપણ પીસણ નિવાર મારી બેની ॥ પર્વ૦ ॥ ૨ ॥ સત્તરભેદી પૂજા રચીરે, પૂજીએ શ્રી જિનરાજ મારી બેની; સામી સામણ પોષીયેરે, સીઝે વંછિત કાજ મારી બેની ॥ પર્વ૦ ॥ ૩ ॥ કલ્પ-

---

૧ શાસ્ત્રવિશારદ પંન્યાસજી શ્રીમત્સૌભાગ્યવિમલ ગણિજી કૃત.

ઘેર પધરાવીએરે, કરી અતિ મનોહાર મારી બેની; ભદ્ર-
બાહુસ્વામિએ ઉદ્ધર્યુંરે, નવમા પૂર્વનો સાર મારી બેની
॥ પર્વ૦ ॥ ૪ ॥ જ્ઞાન પૂજો અતિ પ્રેમથીરે, શક્તિતણે
અનુસાર મારી બેની; ગુરૂ મુખેથી સાંભળોરે, કલ્પસૂત્ર
ધરી પ્યાર મારી બેની ॥ પર્વ૦ ॥ ૫ ॥ દશ આચાર
મુનિ તણારે, નાટકીયાના દ્રષ્ટાંત મારી બેની; ગુણ જે-
વા કાલક્ષેત્રનારે, જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ મારી બેની
॥ પર્વ૦ ॥ ૬ ॥ કલ્પસૂત્ર વૃક્ષકલ્પનુંરે, વળી પંચકા-
ર્યના નામ મારી બેની; ચૈત્યપ્રવાડી સાધુ વાંદવારે,
સંવચ્છરી પડિક્રમણું તામ મારી બેની ॥ પર્વ૦ ॥ ૭ ॥
સ્વામિવચ્છલ ચોથું સુણોરે, અઠ્ઠમ તપ મનોહાર મારી
બેની; તે પણ નાગકેતુ તણોરે, સુંદર છે અધિકાર મારી
બેની ॥પર્વ૦ ॥ ૮ ॥ પછી મંડાણ થાય સૂત્રનુંરે, માન-
નો માન પરિમાણ મારી બેની નોમસ્તીલનું સૂચવવાપ-
ણુંરે, વલી રક્ષણનું માન મારી બેની ॥ પર્વ૦ ॥૯॥
અસાડ શુદ છઠ્ઠને દીનેરે, ચવી સુરલોકથી તામ મારી
બેની; ઋષભદત્ત બ્રાહ્મણ કુલેરે, ઉપન્યા માહણકુંડગા-
મ મારી બેની ॥ પર્વ૦ ॥ ૧૦ ॥ દેવાનંદા કુખે આવી-
યારે, ચોવીસમાં જિનરાય મારી બેની; આસન ચળ્યું

તવ ઈંદ્રનું રે, અવધિએ હરખિત થાય મારી બેની ॥ પર્વ૦ ॥ ૧૧ ॥ સાત આઠ ડગ સામા જઈરે, શક્રસ્તવના કરે તામ મારી બેની; 'નમુત્થુણં' ચોખ્ખે ચિત્ત રે, કરતા તે અભિરામ મારી બેની ॥ પર્વ૦ ॥ ૧૨ ॥ દ્રષ્ટાંત મેઘકુમારનું રે, સુણતા મંગલમાલ મારી બેની; પહેલું વ્યાખ્યાન પૂરૂં થયું રે, દાન દયા આધાર મારી બેની ॥ પર્વ૦ ॥ ૧૩ ॥ ઇતિ. ॥

અથ શ્રીબીજાવ્યાખ્યાન નીગહુંલી.

રાગ.—સેલુઅર તું શીદને આવ્યો ? એ દેશી.

પજુસણ પર્વ બહુ સારા, કે લાગે મુજ મન અતિ પ્યારા; શિરનામી કંથને કહે દારા ॥ પજુ૦ ॥ ૧ ॥ વ્યાખ્યાન બીજાના અધિકારે, નીચ કુલે દીઠા પ્રભુ જ્યારે; વિચાર કરે ઇંદ્ર ત્યારે ॥ પજુસણ૦ ॥ ૨ ॥ ચક્રવર્ત્તિ બળદેવ વાસુદેવા, અરિહંતની કરતા સૌ સેવા; બ્રહ્મકુળમાં નવ શોભે એવા. ॥ પજુસણ૦ ॥ ૩ ॥ ભોગકુલ અને રાજકુલ માંહે, જન્મ ક્ષત્રીકુલમાં થાયે; ઉત્તમ નર શોભે તો ત્યાંહે, ॥ પજુસણ૦ ॥ ૪ ॥ સત્તાવીસ ભવ માંહિ ભવે ત્રીજે,

કુલમદ કરી મરીચિ રીજે; નીચકર્મ ઉપાર્જન ત્યાં કીજે ॥પજ્જુસણ૦॥૫॥ નીચ કુલ આવે પણ જન્મે નહીં, પ્રભુ હરવા એ આચાર મારો સહી; શક્ર વિચાર કરે મન માંહિ ॥પજ્જુસણ૦॥૬॥ આ અવસર્પિણીકાલે થાય. એવા દશ અચ્છેરા થાય; ગર્ભ હરણનું તેમાં કહેવાય ॥ પજ્જુસણ૦ ॥ ૭ ॥ તવ હરિણગમેષીને કહેતા, વિપ્ર કુલેથી પ્રભુજીને લેતા; ક્ષત્રીકુળમાં જઇને દેતા ॥ પજ્જુસણ૦ ॥ ૮ ॥ મુકે જઈ ક્ષત્રીકુંડગ્રામ, સિદ્ધારથરાજને ધામ; તસ નારી છે ત્રિશલા નામ ॥ પજ્જુસણ૦ ॥ ૯ ॥ ત્રિશલાનો ગર્ભ હરીલીધો, દેવાનંદાની કુખે જઇ દીધો; એમ અરસપરસ ગર્ભ ત્યાં કીધો ॥ પજ્જુસણ૦ ॥૧૦ ॥ ત્રિશલા કુખે પ્રભુ જબ આવે, માતાજી ચૌદ સુપન પાવે; દેખી આનંદિત બહુ થાવે ॥ પજ્જુસણ૦ ॥ ૧૧ ॥ ગજ વૃષભ સિંહ દેવી સારા, સુત્ર માંહી વર્ણવ્યા તે ન્યારા; મુખમાં પ્રવેશ કરતા ભાળ્યા ॥પજ્જુસણ૦॥૧૨॥ ચોથે સુપને બીજું સાર, દાન દયા ગુરૂ આધાર; સૌભાગ્યવિમલજીને હિતકાર ॥ પજ્જુસણ૦ ॥૧૩॥ ઇતિ ॥

અથ શ્રીત્રીજાવ્યાખ્યાનની ગહુંલી.

રાગ—બડા ચતુર પેલો ટોપીવાળો અગનગાડી ચલાવીરે
એ દેશી.

સાંભલજો સૌ સહિયર મારી, પ્રભુનું ચરિત્ર ઉમંગેરે; સુપના ચારનો અર્થપ્રકાશ્યો, ગુરૂજીએ અતિ રંગેરે ॥સાં૦॥ ૧॥ પાંચમે ફુલમાલાનું જુગલ, છઠ્ઠે રોહુણી કંથરે; ઉગતો સુરજ સાતમે દીઠો, આઠમે ધ્વજ લહકંતરે ॥ સાં૦ ॥ ૨ ॥ કળશ રૂપાનો ને પદ્મસરોવર, દેવ વિમાન મનોહારરે; ગંજ રત્નનો અગ્નિની જ્વાલા, દેખે ત્યાં નિરધારરે ॥ સાં૦ ॥ ૩ ॥ દેખી સુપન તવ જાગી રાણી, મન આનંદિત થાવેરે; ઉઠીને આવે પિયુ પાસે, કોમલ વચને જગાવેરે ॥ સાં૦ ॥ ૪ ॥ કરજોડીને સુપન વિચાર, ભૂપતિને સુણાવેરે; સુપન અર્થ મનમાંહિ વિચારી, રાણીને કહે મન ભાવેરે ॥ સાં૦ ॥ ૫ ॥ જિનવરને ચક્રીની માતા, દેખે ચૌદ સુપન્નરે; તે માટે સુણુ હે પ્રાણ પ્યારી !, તુમ કુખ થાશે રતન્નરે ॥સાં૦ ॥ ॥ ૬ ॥ જીઓને સુભગે સુખ સજ્યા, એમ અનચુરો સખા સંગેરે; ઘેર આવી જબ રાત્રી વિહાઇ, ધર્મ કથા કહે

અંગેરે ॥ સાં૦ ॥ ૭ ॥ પ્રાતઃસમય થયે સૂરજ ઉગ્યો, રાય હરખ મન લાવેરે; કૌટુંબિક નર વેગે બોલાવી, સુપન પાઠક તેડાવેરે ॥ સાં૦ ॥ ૮ ॥ સુપન પાઠક વિચાર કરીને, એક અગ્રેસર થાપેરે; નહિ તો પાંચસેં સુભટના જેવું, રાજા માન ન આપેરે ॥ સાં૦ ॥ ૯ ॥ સૌમાં એક વડેરો થાપી, રાજસભામાં ચાલ્યારે; રાજાએ અતિ આદર દઇને, આસન આપી બેસાર્યારે ॥ સાં૦ ॥ ૧૦ ॥ એટલે પુરૂ વ્યાખ્યાન ત્રીજું, શ્રોતાને મંગલમાળરે; દાન દયા ગુરૂ પુણ્ય પસાયે, સૌભાગ્યને હરખ અપારરે ॥ સાં૦ ॥ ॥ ૧૧ ॥ ઇતિ. ॥

અથ શ્રી ચોથા વ્યાખ્યાનની ગહુંલી.

રાગ.—સદ્ગુરૂજી વધાવો મોતીયે એ દેશી.

સખી પર્વ પજુસણ આવીયા, આરાધો તુમ ભવિ પ્રાણીરે; સખી પુરવ પુન્યે પામીયા, મનુષ્ય જન્મ એમ જાણીરે ॥ સખી૦ ॥ ૧ ॥ સખી સુપન પાઠકને પૂછીયું, રાજાજીએ સુપન વિચારરે; પાઠક તવ પુસ્તક જોઇને, કહે સુપનતણો અધિકારરે ॥ સખી૦ ॥ ૨ ॥ જનની જિનવર ચક્રી તણી, ચૌદ દેખે વાસુદેવની સાતરે; બલ-

દેવ માતા ચાર પેખતી, એ સુપન તણો અવદાતરે ॥ સ૦ ॥૩॥ જિનવર કે ચક્રી તે થાશે, તુમ પુત્ર અતિ બળવાનરે; નૃપતિ તવ આનંદ પામિયા, પાઠકને દીયે બહુ દાનરે ॥ સખી૦ ॥ ૪ ॥ પાઠકને ઘેર બોલાવીને, રાય રાણી પાસે આવેરે; દ્વિજ અર્થ કહે સંક્ષેપથી, રાણી અતિ હરખિત થાવેરે ॥ સખી૦ ॥ ૫ ॥ સુખે ગર્ભતણું પોષણ કરે, વળી પંચવિષયસુખ વિલસેરે; ઉપજે દોહલા તે પૂરે ભૂપતિ, રાણી મન આનંદ વરસેરે ॥સખી૦॥ ૬॥ રાયસિદ્ધારથને ઘરે વળી, વૃષ્ટિ કરે આવીને દેવરે; કનક રતન મણી રૌપ્યની, ફુલ ફુલ ભૂષણ તત ખેવરે ॥ સખી૦ ॥ ૭ ॥ એમ વાધે દોલત દિન પ્રત્યે, કરે માતપિતા સંકેતરે; આપણે દેશું નામ તેહનું, વર્દ્ધમાન કુંવર ધરી હેતરે ॥ સખી૦ ॥ ૮ ॥ પ્રભુ માત તણી ભગતે કરી; નિશ્ચલ રહ્યા એક ઠામરે; તવ માતને અરતિ ઉપની, શું થયું મારા ગર્ભને આમરે? ॥સખી૦॥ ॥ ૯ ॥ રાંક ઘરે રતન નવિ છાજે, હું અધમ માંહે સિરદારરે; મેં ધાવતા બાલ વિછોહિયા, કે ભાગી તળાવની પાળરે ॥ સખી૦ ॥ ૧૦ ॥ એમ માતા વિલાપ કરે ઘણું, તેમ રાય ધરે મને શોકરે; દાસ દાસી ચિંતાતુર સૌ થયા,

થયા નગર તણા સૌ લોકરે ॥ સખી૦ ॥ ૧૧ ॥ ત્યારે પ્રભુજીએ જ્ઞાન થકી જાણ્યું, વિણ દીઠો આવડો છે નેહરે; સંજમ ન લઉં માત તાત જીવતા, એમ અભિગ્રહ કરતાં તેહરે ॥ સખી૦ ॥ ૧૨ ॥ માત તાત ચિંતાતુર દેખીને પ્રભુ હાલ્યા ધરી બહુ પ્રેમરે; તવ માતા હરખિત થઇ, કહે મુજ ગર્ભને કુશલ ખેમરે ॥ સખી૦ ॥ ૧૩ ॥ ત્યારે હરખ થયો સૌ લોકને, હરખ્યા રાય દાસી અને દાસરે; આપે સખીયો શિખામણ તે શિરે ધરે, એમ પૂર્ણ થયા નવ માસરે ॥ સખી૦ ॥ ૧૪ ॥ તે ઉપર સાડાસાત દિવસ ગયે, વસંતઋતુ મોઝારરે; ઉંચ સ્થાને ગ્રહ આવતા વળી, પવન અનુકૂળ થાયરે ॥ સખી૦ ॥ ૧૫ ॥ ચૈત્રમાસ તણી શુદ તેરસે, પ્રભુ જનમ્યા જગત દયાળરે; અજવાળું થયું પણ નરકમાં, સૌ હરખ્યા ત્યાં નિરધારરે ॥ સખી૦ ॥ ૧૬ ॥ એમ ચોથું વ્યાખ્યાન પૂરૂં થયું, દાન દયા ગુરૂ આધારરે; કરજોડી સૌભાગ્યવિમલ કહે, સૌ સંઘમાં જયજયકારરે ॥ સખી૦ ॥ ૧૭ ॥ ઇતિ ॥

[1]અથ શ્રીપર્યુષણમહાપર્વની ગહુંલી.

હું તો [2]થાળ ભરૂં રે સગર મોતીડે, હું તો ગુરૂજી વધા-

---

૧ શ્રીમન્મુનિરાજશ્રી સુમતિવિમળ ગણિજી કૃત. ૨ ભરપૂર, પુર્ણ.

વાને જઇશ મ્હારે પર્વપજુસણ આવીયાં, હું તો પુન્યપ-
નોતી થઇ આજ ॥ મ્હારે૦ ॥૧॥ સખી અમરપડો વ-
જડાવીએ, સખી આઠ દિવસ ભલી રીત ॥ મા૦ ॥
સખી અમૃતસરિખી દેશના, સખી સાંભળજો શુભ ચિ-
ત્ત ॥ મા૦ ॥ ૨ ॥ સખી કલ્પસૂત્ર ઘેર લાવીએ, સખી
સામૈયું સાજન સાથ ॥ મા૦ ॥ સખી અઠ્ઠાઇ મહોચ્છવ
કીજીયે, સખી સ્વામિવચ્છલ બહુ ભાત ॥ મા૦ ॥ ૩ ॥
સખી સોના રૂપાને ફુલડે વધાવીયે, સખી ધૂપદીપ બહુ
માન ॥ મા૦ ॥ સખી છઠ્ઠ કરી સૂત્ર સાંભળો, સખી
વીરચરિત્ર વખાણ ॥ મા૦ ॥ ૪ ॥ સખી અઠ્ઠમનો તપ
કીજીએ, સખી ગુરૂજીના કીજે બહુ માન ॥ મા૦ ॥ સ-
ખી ચોથે તે કીજે સંવત્સરી, સખી પડિક્કમીએ શુભ
ધ્યાન ॥ મા૦ ૫ ॥ સખી સંઘ સહુ ખમાવીએ, સખી
ઇણિપરે દિયે ઉપદેશ ॥ મા૦ ॥ સખી એ દિન જે પામે
નહિ, સખી તે નરકમાં થશે પ્રવેશ ॥ મા૦ ॥ ૬ ॥ સ-
ખી મરઘા નયણી જે સુંદરી, સખી સોલે સજી શણ-
ગાર ॥ મા૦ ॥ સખી કંકુ ઘોળો કંકાવટી, સખી ગુરૂને
વધાવે નાર ॥ મા૦ ॥ ૭ ॥ સખી પાલણપુર પાવન કર્યું,
સખી શાસનના સિરદાર॥મા૦॥સખી દાન દયાથી પામશે,
સખી સુમતિવિમલ ભવપાર ॥ મા૦ ॥૮॥ ઇતિ૦ ॥

અથ શ્રીપર્યુષણના પ્રથમવ્યાખ્યાનની ગહુંલી.

હું તો પ્રણમું સરસતી માઇ, સાહેલી સેવીએ ચિત્ત લાઈ; એતો પર્વ મોટો સુખદાઈ ॥ સા૦ ॥ ૧ ॥ ગુરૂ જ્ઞાની નમું સમુદાય, પૂજો પર્વપજુસણ પાય; જેથી શિવલચ્છી સ્હેજે પમાય ॥ સા૦ ॥ ૨ ॥ પ્રથમ વખાણ સુણો અધિકાર, પહેરી આભૂષણ શણગાર; ગુરૂ વિનય કરો હિતકાર ॥ સા૦ ॥ ૩ ॥ કલ્પસૂત્ર ઘરે પધરાવો, પંચશબ્દ વાજિંત્ર વજડાવો; રૂડું સામૈયું શોભાવો ॥ સા૦ ॥ ૪ ॥ વરધૂપદીપક શોભાવો, ગુરૂ આગળ ભાવના ભાવો; કલ્પસૂત્રની વાણી સૂણાવો ॥ સા૦ ॥ ૫ ॥ ગુરૂજ્ઞાની કહે સુણો પ્રાણી, એહ છે તીર્થંકરની વાણી; ધ્રુવસેન સમે વરતાણી ॥ સા૦ ॥ ૬ ॥ દશકલ્પ યતિઆચાર, ત્રીજો વૈદ્ય પરે એ સાર; ગુણક્ષેત્ર તણો વિચાર ॥ સા૦ ॥ ૭ ॥ નાગકેતુનો અઠ્ઠમ સાર, દેવાનંદા સ્વપ્ન આગાર; ઋષભદત્ત હર્ષ અપાર, ॥ સા૦ ॥ ૮ ॥ શક્રેંદ્ર ઉદરે જિન વંદે, મેઘકુમાર કર્મ-

નિકંદે; ઇમ પ્રથમ વખાણ આણંદે ॥ સા૦ ॥ ૯ ॥ ઇમિ ગહુંલી કરી ગુણ ગાવો, દાન દયાવિમલ ચિત્ત લાવો; મુનિ સુમતિવિમલ સુખ પાવો ॥ સ૦ ॥૧૦॥ ઇતિ૦ ॥

અથ શ્રીપર્યુષણપર્વના દ્વિતીયવ્યાખ્યાનની

ગહુંલી.

સાહેલ્યાં હો હરિ[1] મન અચરિજ થાય, ભિક્ષુ કુલે આવે નહિ હો લાલ; સાહેલ્યાં હો તેસઠસલાકીજીવ, નિંદકકુલ નહિં આવશે હો લાલ ॥ સા૦ ॥ ૧ ॥ સા૦ નીચ ઉદય જિન કર્મે, કર્યાં કર્મ સહુ ભોગવે હો લાલ; સા૦ અનંતકાલે વરતાય, અચ્છેરાદશ જિન વદે હો લાલ ॥ સા૦ ॥ ૨ ॥ સા૦ મરીચિ ભવે કુલ ગર્વ, સત્તાવીસ ભવ ભમ્યા હો લાલ; સા૦ ગોપસંગમ ઉપસર્ગ, વીર સહ્યા તે ધરી ક્ષમા હો લાલ ॥સા૦॥૩॥ સા૦ ઇંદ્ર કર્યો મેં આદેશ, હરિણગમેષી બોલાવીને હો લાલ; સા૦ અમ કુલ કલ્પ છે એહ, યોગ્યાયોગ્ય વિચારણા હો લાલ ॥ સા૦ ॥ ૪ ॥ સા૦ માહણી કુખે જે ગર્ભ,

---

૧ ઇંદ્ર.

ત્રિશલા કુખેશું ચવ્યો હો લાલ; સ૦ શીઘ્ર લહી આ-
દેશ, ગર્ભકાર્ય કર્યા દિપતા હો લાલ ॥ સા૦ ॥ ૫ ॥
સા૦ ચૌદ સુપન સૂચિત, ત્રિશલા દેખી જાગીયા હો
લાલ; સા૦ સુપન તણો વિચાર, ગુરૂમુખ સૂત્રથી સાંભ-
ળો હો લાલ ॥ સા૦ ॥ ૬ ॥ સા૦ વર્ણવ્યું બીજું વખા-
ણ, ચોથું સુપન વિચારણા હો લાલ; સા૦ ધન્ય ધ-
ન્ય શ્રીજિનધરમ, બલિહારી ગુરૂરાજની હો લાલ
॥ સા૦ ॥ ૭ ॥ સા૦ સરખી સાહેલીયો સાથ, ગહુંલી
કરી ગુણ ગાવતા હો લાલ; સા૦ દાન દયા ચિત્ત લાય,
સુમતિવિમલ ગુણ ગાવતા હો લાલ ॥સા૦॥૮॥ઇતિ ॥

અથ શ્રીપર્યુષણપર્વના તૃતીયવ્યાખ્યાનની

ગહુંલી.

ચૌદ સુપન માતા દેખીનેરે, હૈયડે હરખ ન માય હો
લાલ; શય્યા થકી માતા ઉઠીનેરે, આવ્યા સિદ્ધારથ પાસ
હો લાલ ॥ ૧ ॥ સુપન અર્થ બેની સાંભળોરે ।. કરજોડી
વિનયે કરી, બોલે વચન વિચાર હો લાલ; ભાગ્ય ઉદય
આજ માહરોરે, પામી સુપન ઉદાર હો લાલ ॥ સુ૦ ॥

૨॥ અર્થ કહો મુજ શોભતારે, જિમ હોય કોડિ કલ્યાણ હો લાલ; રાય કહે સુણો સુંદરીરે, પુત્ર હોશે જગભાણ હો લાલ ॥ સુ૦ ॥ ૩ ॥ રાય કૌટુંબીકને કહીરે, સુપન પાઠક તેડાવે હો લાલ; રાય સભા માંહે આવીયારે, સંતોષે બહુ ભાવે હો લાલ ॥ સુ૦ ॥ ૪ ॥ સુપન શાસ્ત્ર વિચારતારે, પુત્ર હોશે જગદીવો હો લાલ; ચૌદ સુપન જિનચક્રીનેરે, હરિસાત ચઉબલદેવ હો લાલ ॥ સુ૦ ॥ ૫ ॥ સુપન અર્થ ઇમ સાંભળીરે, ગર્ભની કરે પ્રતિપાળ હો લાલ; વડી વડારણ શિખવેરે, સેવો જગત દયાળ હો લાલ ॥ સુ૦ ॥ ૬ ॥ રંગરંગીલી સાહેલીયોરે, ગહુંલી કરી ગુણ ગાવો હો લાલ; દાન દયા દીલમાં ધરીરે, આતમ સુમતિ જગાવો હો લાલ ॥ સુ૦ ॥ ૭ ॥ ॥ ઇતિ. ॥

અથ શ્રીપર્યુષણપર્વના ચતુર્થવ્યાખ્યાનની

ગહુંલી.

આજ હરખ મુજને ઘણોએ, ઘેર ઘેર મંગલમાલ જનમ પ્રભુ વીરનો એ; ધનદ ત્રીજાંભકને કહે એ, વૃષ્ટિ

કરો ઉજમાલ ॥ જનમ૦ ॥ ૧ ॥ કનક રતન મણી હીરલાએ, આભૂષણનો નહીં પાર જનમ૦; દેવ ઇચ્છિત વસ્તુ ધણીએ, વૃદ્ધિ કરે ભંડાર ॥ જનમ૦ ॥ ૨ ॥ વાદલના પટમાં રહ્યો એ, ભાનુ કરે ઉજાસ જનમ૦; તિમ પ્રભુ ગર્ભે રહ્યા એ, ત્રણભુવન હુલ્લાસ ॥ જનમ૦ ॥૩॥ માતપિતા મન ચિંતવે એ, વૃદ્ધિ પામ્યા ધન ધાન જનમ૦; તે કારણ અમ સુત તણું એ, નામ ઠવીશું વર્દ્ધમાન ॥ જનમ૦ ॥ ૪ ॥ દીનદયાળ નિશ્ચલ રહ્યા એ, જનની ધરે મન સોગ જનમ૦; રાગ રંગ નાટક તજ્યા એ, ષટ્‌રસ તજ્યા સવિ ભોગ ॥ જનમ૦ ॥ ૫ ॥ અવધિજ્ઞાને જિનવર જૂવે એ, માતને દુઃખ અપારજનમ૦; દક્ષિણ ચરણ હલાવિયો એ, વર્ત્યો છે જય જયકાર ॥ ૬ ॥ જે જે દોહલા ઉપજે એ, સુરપતિ પૂરે વિશેષ જનમ૦; નવમાસ સાઢાસાતદીન ગયા એ, જન્મ્યા જગત દયાળ ॥ જનમ૦ ॥ ૭ ॥ ત્રણભુવન અજુઆલીયા એ, ધન્ય ધન્ય તે સુવિહાણ જનમ૦; ચોથું વ્યાખ્યાન પૂરણ થયું એ, નરભવ જનમ પ્રમાણ ॥જનમ૦ ॥ ૮ ॥ગહુંલી કરી ગુણ ગાવતી એ, નિરખતી નયણા-

નંદ જનમ૦; દાન દયાથી પામીયે એ, સુમતિવિમલ સુખકંદ ॥ જનમ૦ ॥ ૯ ॥ ઇતિ. ॥

અથ શ્રીપર્યુષણપર્વના પંચમવ્યાખ્યાનની ગહુંલી.

પ્રભુ જન્મ થયો હુલ્લાસી, હરખ્યા સુર સમકિત વાસી; છપ્પન્નદિગકુમરી આવે, ઘર કેલ તણા નિપજાવે ॥ પ્ર૦ ॥ ૧ ॥ પ્રભુ જન્મનો ઓચ્છવ થાવે, સુરભક્તિ કરી સુખ પાવે; નિજ નિજ કરણી વર્ત્તાવે, સૂતી કર્મ કરી ગુણ ગાવે ॥ પ્ર૦ ॥ ૨ ॥ શક્રેંદ્ર સિંહાસન ચલીયો, જોવે અવધિજ્ઞાને બલીયો; હણગમેષી દેવ બોલાવે, દેવદેવી સર્વ મીલાવે ॥ પ્ર૦ ॥ ૩ ॥ પંચ રૂપ કરી હરી[1] આવે, જિન જનનીને શીશ નમાવે; પ્રતિબિંબ ધરી જિન લેઇ, જાવે મેરૂ હરખ ધરેઇ ॥ પ્ર૦ ॥ ૪ ॥ એકક્રોડ ઉપર સાઠલાખ, જલન્હવણ કરી ઇમ ભાખે; સ્વામિ ત્રણભુવનનો દીવો, અમ નાથ સદા ચિરંજીવો ॥ પ્ર૦ ॥ ૫ ॥ સિદ્ધારથ હરખ ભરાયે, જઇ

---

૧ ઇંદ્ર.

દાસીયે દીધી વધાઇ; દાસી નામ કર્યું તેનુ દૂર, ધન દીધું મન ભરપૂર ॥ પ્ર૦ ॥ ૬ ॥ સંતોષ્યા સર્જન બહુ માન, નામ દીધું શ્રીવર્દ્ધમાન; રમઝમ કરતા પ્રભુ ઘેર આવે, માતાત્રિશલા હરખ ભરાવે ॥ પ્ર૦ ॥ ૭ ॥ આમલ ક્રીડા પ્રભુ કરતા, મિથ્યાસુર માનને હરતા; માતપિતા નિશાળે ધરતા, હરિ પ્રશ્નના સંશય હરતા ॥પ્ર૦ ॥ ૮ ॥ પ્રભુ પરણ્યા યશોદા નારી, ભોગભોગવી જોગ વિચારી; કર્મ ખપાવીને કેવળ પામી, પ્રભુ પામ્યા પદ આરામી ॥ પ્ર૦ ॥ ૯ ॥ લટકાળી નારી શણગારી, કરો ગહુંલી અતિ મનોહારી; દીજે દાન દયા ચિત્ત લાઇ, સેવો સુમતિ સદા સુખદાઈ ॥ પ્ર૦ ॥ ૧૦ ॥ ઇતિ. ॥

અથ શ્રીદીવાળીની ગહુંલી.

દીવાળી દીવાળી મારે અજુઆલી, સખી પ્રભુજી આવ્યા છે મારે ઘેર ચાલીરે; સખી આજ અનોપમ દિવાલી ॥ એ આંકણી૦ ॥ અંતિમ ચોમાસું અપાપાયે આવ્યા, ચઉદસહસ્સ મુનિ ગુણમાલીરે સ૦; છત્રીસ સહસ્સ તે સાહુણી સાથે, હસ્તિપાલ રાજન આલીરે ॥સ૦ ॥ ૧ ॥ દેવે સમવસરણ તિહાં રચીયું, ત્રિગડાની શોભા

બહુ સારીરે સ૦; ત્યાં પ્રભુ બેસી દેશના દેવે, સાંભળે પરખદા નરનારીરે ॥ સ૦ ॥ ૨ ॥ હસ્તિપાલ ઘરણી તિહાં આવે, ગહુંલી કરે અતિ મનોહારીરે સ૦; મુકતાફલ શું વીરને વધાવે, સરખી સાહેલી બહુ પ્યારીરે ॥ સ૦ ॥ ૩ ॥નવ મલી નવલચ્છી જાતીયા, મલીયા સુરનર ગણધારીરે સ૦; કાર્તિ વદી અમાવાશયાએ, પ્રભુજી વરીયા શિવવધુ લટકાળીરે ॥ સ૦ ॥ ૪ ॥ ભાવઉદ્યોત ગયે પ્રગટાયો, દેવે રત્નદીપક માળીરે સ૦; ગૌતમ કેવળ લહ્યા પ્રભાતે, જુહાર કરે નર સૌ આલીરે ॥ સ૦ ॥ ૫ ॥ સુદર્શનાએ નંદીવર્દ્ધનને, વીર વિરહાનો દુઃખ ટાળીરે સ૦; પ્રતિબોધિ બંધવને જમાડી, ભાઇબીજ પ્રગટી ગુણઆલીરે ॥ સ૦ ॥ ૬ ॥ વીરનિર્વાણથી દીપક ઓચ્છવ, ગૌતમકેવળી દિનભાળીરે સ૦; દાન દયા દીલમાં સહુ ધરજો, લાખકોડી ષટ્ફલ સાલીરે ॥ સ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

અથ શ્રીવાસગીતની ગહુંલી.

વીર પટોધર વંદીએ સુખકર સોહમ સ્વામરે, પટ

---

૧ પૂનમીઆ માસ પ્રમાણે ગણવું.

પરંપરા વિચરે મુનિવર જેહને નામરે; વાણી ગંગતરં મુનિવર ઇણીપરે ભાસેરે, તપકિરિયાદિક આદરો શિર ધરો ગુરૂતણો વાસરે ॥ ૧ ॥ સમકિત સુવર્ણથાલમાં શીલ સુગંધી ય વાસરે, ઉપશમ ઘનસારે વાસીઓ વળી વૈરાગે ખાસરે; મહા મંત્રે કરી મંત્રીઓ પરમેષ્ઠિ મંત્ર ઉલ્લાસરે, ધન પનોતારે અમકાજી, ગુરૂજીએ ડવીએલો વાસરે ॥ ૨ ॥ એ વાસ જેણે શિર ધર્યો તેને છૂટે મોહના પાસરે, સંકેત શિવનારી ભણી બાનું એહજ ખાસરે; અજર અમર અક્ષય પદ ચાર અનંતે છાજેરે, વીરવિમલ ગુરૂ સેવથી વિનય વિશુદ્ધ પદ રાજેરે ॥૩॥ઇતિ.॥

[1]અથ શ્રીનેમ-રાજિમતીની ગહુંલી.

રાજુલ પ્રીત પાળી છે બાળાવેશમાંરે લોલ,
ચિત્ત ચોર્યું છે નેમજીને વેશરે; ॥ રાજુલ૦ ॥

સાખી.

સમુદ્રવિજય કુલચંદલો, શિવાદેવી માત;
શંખ શબ્દ કરવા ભણીરે, કાંઇ તનમન થાય ઉત્પાતરે
॥ રાજુલ૦ ॥ ૧ ॥

---

૧ શ્રીમત્પંન્યાસમુક્તિવિમલગણિજીકૃત.

કાનુડા તણી ગોપીયો, રૂકિમણી રાધા પ્રમુખ;
વિવાહ મનાવવા કારણેરે, કાંઇ લટપટ કરે સખી મુખ્યરે
॥ રાજુલ૦ ॥ ૨ ॥

[1]સાંબેલા શણગારીયા, સાજન સાથે લીધ;
રૂકિમણી રાણીને રાધિકારે, એની ભોજાઇયો ગાવે ગીતરે
॥ રાજુલ૦ ॥ ૩ ॥

તિલક કર્યું લલાટમાં, માથે મુકુટ ધરાય;
હાથમાં શ્રીફલ લેઇનેરે, મ્હારા પ્રભુ પરણવા જાયરે
॥ રાજુલ૦ ॥ ૪ ॥

સરખે સરખી સાહેલીને, રાજુલ પૂછે વાત;
નેમજી કેવાં છે સખીરે, મને જોવા દ્યોને સુજાતરે
॥ રાજુલ૦ ॥ ૫ ॥

તવ સખી રાજુલને કહે, જુઓ સ્વામિ દીદાર;
નેમજી નેમજી શું કરેરે, કાંઇ નેમજી છે કાલા ભરતારરે
॥ રાજુલ૦ ॥ ૬ ॥

રાજુલ કહે સખી સાંભળો, પરખાં તુમારી બુદ્ધિ;
દુધમાંથી પોરા પરેરે, તમે ગુણીમાં તે અવગુણ કીધરે
॥ રાજુલ૦ ॥ ૭ ॥

---

૧ અસ્વારો.

કાલા ભ્રમર હાથીયા, કાલો મેઘ વિશેષ;
કાળી તે આંખની કીકીયોરે, કાંઇ કાલા માથાના કેશરે
॥ રાજુલ૦ ॥ ૮ ॥
કાળી છે ચિત્રાવેલડી, કાળી કાજલ રેખ;
કાળી કસ્તુરી નીપજેરે, તેના કેવા છે ગુણ તેને દેખરે
॥ રાજુલ૦ ॥ ૯ ॥
નેમજી તોરણ આવીયા, પશુડે માંડયો પોકાર;
પશુડા ઉપર કરૂણા કરીરે, મ્હારા પ્રભુ સ્વરૂપ થયા સારરે
॥ રાજુલ૦ ॥ ૧૦ ॥
રથ પાછો તિહાં વાલીને, નેમજી ચાલ્યા ઠાણ;
માતપિતા સમજાવીયારે, સવિ કુટુંબને થઇ જાણરે
॥ રાજુલ૦ ॥ ૧૧ ॥
રાજુલ ચિત્ત ગભરાઇને, મનમાં કરે વિચાર;
મને મુકીને પ્રભુ ચાલીયારે, મ્હારે છે કોણ આધારરે
॥ રાજુલ૦ ॥ ૧૨ ॥
ચાંદાને લાંછન કરે, સીતારામ વિયોગ;
મ્હારા કર્મ પણ આ સમેરે, કાંઇ હરિણે પાડયો વિજોગરે
॥ રાજુલ૦ ॥ ૧૩ ॥

રાજુલ મનમાં ચિંતવે, મન વાળ્યું વૈરાગ્ય;
દીક્ષા સમયે નેમિનાથનોરે, કર મુકાવું મસ્તક ભાગરે
॥ રાજુલ૦ ॥ ૧૪ ॥

ચંદન ભરી તલાવડી, મોતીડે બાંધી પાજ;
કાઉસગ્ગીયા કાઉસગ્ગ કરેરે, એતો મોક્ષે જવાને કાજરે
॥ રાજુલ૦ ॥ ૧૫ ॥

ખમતાં સવિ ધરતી પરે, વિચરે છે જેમ વાય;
સવિ પરિષહ સાધુ ખમેરે, એતો પરઘેર ગોચરી જાયરે
॥ રાજુલ૦ ॥ ૧૬ ॥

સાધુ તો સુખીયા ઘણા, દુઃખીયા નહિં લવલેશ;
અષ્ટકર્મ હણવા ભણીરે, એતો પહેરે છે સાધુનો વેશરે
॥ રાજુલ૦ ॥ ૧૭ ॥

શીશી ભરી ગુલાબની, પૂજું કેશરે પાય;
શુદ્ધગુરૂ જ્ઞાની વિનારે, મ્હારા દિવસ દોહિલા જાયરે
॥ રાજુલ ॥ ૧૮ ॥

પૂરવ પુણ્ય સંયોગથી, સકલ શોક હિતકાર;
સદ્ગુરૂજ્ઞાની મને મલ્યારે, મ્હારો સફલ થયો અવતારરે
॥ રાજુલ૦ ॥ ૨૦ ॥

જ્ઞાનીને જ્ઞાની મળ્યા, જ્ઞાનની વૃદ્ધિ થાય;
અજ્ઞાનીને અજ્ઞાની મળ્યારે,તિહાં કિશ્યોછે જ્ઞાન ઉપાયરે
॥ રાજુલ૦ ॥ ૨૧ ॥
એમ વિચારી ચાલીયા, જઇ વશ્યા ગઢગિરનાર;
પ્રભુ પાસે દીક્ષા લીયેરે, છોડી સંસાર થયા અણગારરે
॥ રાજુલ૦ ॥ ૨૨ ॥
શ્રીનેમિજિનનાથજી, રાજિમતીના સાથ;
મુક્તિમંદિરમાંજઇ વશ્યારે,મ્હારા પ્રભુ સ્વરૂપ થયા નાથરે
॥ રાજુલ૦ ॥ ૨૩ ॥
દાન દયા સૌભાગ્યથી, નિર્મલ ધર્મ પમાય;
જ્ઞાનદર્શનચારિત્રનીરે, કરો આરાધના સુખદાયરે
॥ રાજુલ૦ ॥ ૨૪ ॥
મુક્તિવિમલ કહે શીલથી, પામ્યા ભવનો પાર;
નેમરાજુલ મુગતે ગયારે, પાલો સદા તે શીલશ્રીકારરે
॥ રાજુલ૦ ॥ ૨૫ ॥ ઇતિ. ॥

સમાપ્ત

જાહેર ખબર.

અમારા તરફથી છપાયેલ પુસ્તકો પૈકી નીચે લખેલ પુસ્તકો અમારી પાસે સીલીકમાં હશે ત્યાં સુધી તેની નીચે મુજબ કીંમત લઇને મોકલવામાં આવશે. માટે મંગાવનારે પોતાનું ચોક્કસ શિરનામું લખી નીચે લખેલ કીંમત મોકલી મંગાવી લેવા. (પોષ્ટ અને વીપી ખર્ચ જુદુ.)

૧	જૈનસંસ્કૃતસ્તોત્રરત્નસંગ્રહ............	૦—૪—૦
૨	ચંપકશ્રેષ્ઠિકથા (સંસ્કૃત)...........	૧—૮—૦
૩	ચૈત્યવંદનચતુર્વિંશતિકા (સંસ્કૃત)......	૦—૩—૦
૪	ગહુંલીસંગ્રહ (ગુજરાતી)...........	૦—૨—૦
૫	શ્રીજૈનસ્તોત્રરત્નાવળી (સંસ્કૃત)......	૦—૫—૦
૬	નરભવદ્રષ્ટાંતોપનયમાલા(પ્રાકૃત ભાષાંતર)	૧—૦—૦
૭	પાંત્રીસદ્વારાદિસંગ્રહ.....................	૦—૫—૦

લખો—

શિવલાલ ઝવેરચંદ સંઘવી.

ઠેઠ દેવશાનાપાડે વિમળગચ્છનાઉપાશ્રયે.

અમદાવાદ.